RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 259, Dt.20-1-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમેરિકાના પ્રમુખપદે આજે ટ્રમ્પની તાજપોશી

## દેશ – વિદેશના મહેમાનો હાજર રહેશે : મુખ્ય ન્યાયધીશ અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવડાવશે : નવી પરંપરા – નવા રેકોર્ડ સર્જાશે

**મુખ્ય સમાચાર,**વોશીંગ્ટન

અમેરિકામાં ઈતિહાસ રચવા માટે હવે વધુ સમય બાકી નથી, આખી દુનિયાની નજર ડોનાલ્ડ ટ્રમ્પના રાજ્યાભિષેક પર છે. આ વખતે, ઘણી બધી એવી ઘટનાઓ બની રહી છે જે દાયકાઓમાં ક્યારેય બની ન હતી. આ વખતેની જેમ અમેરિકન રાષ્ટ્રપતિનો શપથ ગ્રહણ સમારોહ સંસદની અંદર એટલે કે ઘરની અંદર થઈ રહયો છે. આનું કારણ કોઈ દુશ્મનના હુમલાનો ડર નથી, પરંતુ અહીં ભારે ઠંડી અને હિમવર્ષા છે. આમ છતાં, તેમના સમર્થકો વોશિંગ્ટન ડીસી પહોંચી ગયા છે. ટ્રમ્પ સમર્થકો ફટાકડા ફોડી રહ્યા છે. આ કડકડતી ઠંડીમાં પણ અમે તેમના માટે વાતાવરણ બનાવી રહ્યા છીએ. તમને જણાવી દઈએ કે યુએસ ચીફ જસ્ટિસ જોન રોબર્ટ્સ ટ્રમ્પને શપથ લેવડાવશે. શપથ ગ્રહણ સમારોહ સોમવારે ભારતીય સમય મુજબ રાત્રે ૧૦.૩૦ વાગ્યે થશે. પહેલી વાર, વિદેશી મહેમાનો શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.

ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટન પહોંચી ગયા છે. તેઓ ફ્લોરિડાથી પોતાના પરિવાર સાથે ખાસ વિમાનમાં વોશિંગ્ટન પહોંચ્યા હતા. આ ફ્લાઈટને સ્પેશિયલ એર મિશન-૪૭ નામ આપવામાં આવ્યું હતું. મિશન-૪૭નો અર્થ એ છે કે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ બનશે. એક તરફ, ટ્રમ્પના વિરોધીઓ તેમના શપથ ગ્રહણ અંગે ગુસ્સે છે, તો બીજી તરફ, તેમના સમર્થકો નિરાશ છે. નિરાશાનું કારણ સંસદની અંદર યોજાનારા શપથ ગ્રહણ સમારોહ છે. ટ્રમ્પના સમર્થકો તેમના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે ઉત્સાહિત હતા. તેઓ મોટી સંખ્યામાં હાજર રહેવાના હતા, પરંતુ કાર્યક્રમ સંસદની અંદર યોજાતો હોવાથી તેમની ઈચ્છાઓ નિષ્ફળ ગઈ. અમેરિકન રાજકારણમાં, વ્હાઈટ હાઉસ છોડયાના ચાર વર્ષ પછી પાછા ફરવું લગભગ અશક્ય માનવામાં આવે છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ આ અશકય લક્ષ્યને શકય બનાવીને ઈતિહાસ રચવા જઈ રહ્યા છે. ફરીથી યુએસ રાષ્ટ્રપતિ તરીકે શપથ લઈને, ટ્રમ્પ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના રેકોર્ડની બરાબરી કરશે. ગ્રોવર ક્લેવલેન્ડ એવા પહેલા અમેરિકન રાષ્ટ્રપતિ હતા જેમણે ૧૩૧ વર્ષ પહેલા વ્હાઈટ હાઉસની બહાર ૪ વર્ષ રહ્યા પછી જોરદાર



વાપસી કરીને રેકોર્ડ બનાવ્યો હતો. ગ્રોવર ક્લેવલેન્ડ ૧૮૮૫ થી ૧૮૮૯ અને ૧૮૯૩ થી ૧૮૯૭ સુધી બે વાર યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ રહ્યા. તેમના પછી, ડોનાલ્ડ ટ્રમ્પ બીજા નેતા છે જે ૪ વર્ષના અંતરાલ પછી સત્તામાં પાછા ફર્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પનો શપથ ગ્રહણ સમારોહ પણ પોતાનામાં એક રેકોર્ડ બનાવશે. ગઈ વખતે ટ્રમ્પે ખુલ્લા આકાશ નીચે શપથ લીધા હતા, પરંતુ આ વખતે શપથ ગ્રહણ સમારોહ ખુલ્લા આકાશ નીચે નહીં થાય. કડકડતી ઠંડીને કારણે, આ વખતે અમેરિકી રાષ્ટ્રપતિનો શપથ ગ્રહણ સમારોહ યુએસ કેપિટોલની બહાર ખુલ્લી જગ્યાને બદલે યુએસ સંસદની અંદર કેપિટોલ રોટુન્ડા હોલમાં થઈ રહ્યો છે. ૧૯૮૫માં, જ્યારે રોનાલ્ડ રીગન અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા, ત્યારે તેમણે ઘરની અંદર શપથ લીધા. તે સમયે પણ ખરાબ હવામાનને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ રીતે, અમેરિકન ઈતિહાસમાં ૪૦ વર્ષ પછી, રાષ્ટ્રપતિ સંસદની અંદર શપથ લેશે.

સંસદની અંદર શપથ ગ્રહણ સમારોહ સંબંધિત માહિતી આપતા ટ્રમ્પે કહ્યું કે અમેરિકામાં ઉત્તર ધ્રુવ નજીક બરફનું તોફાન ચાલી રહ્યું છે. તે નથી ઈચ્છતો કે લોકો કોઈપણ રીતે ઘાયલ થાય. એટલા માટે તેમણે આદેશ આપ્યો છે કે ઉદ્ઘાટન ભાષણ કેપિટોલ રોટુન્ડામાં પણ આપવામાં આવે.

હંગેરીના વડા પ્રધાન વિક્ટર ઓર્બન, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જાવિઅર મેલી અને ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપે તેવી અપેક્ષા છે, જ્યારે એવા અહેવાલ છે કે બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમર અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે નહીં. આમંત્રણ નહીં મળે. ગ્રહણમાં ભાગ લેશે નહીં. જર્મની, જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા અમેરિકન મિત્રોએ પણ તેમના પ્રતિનિધિઓ મોકલવાનું નક્કી કર્યું છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના સ્થાને ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે. આ પહેલી વાર છે જ્યારે કોઈ વરિષ્ઠ ચીની નેતા આવા પ્રસંગે હાજર રહેશે. બીજી તરફ, ભારત તરફથી વિદેશ મંત્રી એસ જયશંકર આ સમારોહમાં હાજરી આપશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને નીતા અંબાણી પણ સમારોહમાં હાજરી આપશે. આ ઉપરાંત, ટ્રમ્પના સલાહકાર એલોન મસ્ક, એમેઝોનના એક્ઝિક્યુટિવ ચેરમેન જેફ બેઝોસ અને મેટા પ્લેટફોર્મ્સના સીઈઓ માર્ક ઝુકરબર્ગ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા છે. આ રીતે, ડોનાલ્ડ ટ્રમ્પનો બીજો શપથ ગ્રહણ સમારોહ ઘણી પરંપરાઓ તોડવા અને નવા રેકોર્ડ બનાવવા જઈ રહયો છે.

# ૪૭૧ દિવસ બાદ ૩ ઈઝરાયલી બંધક મુક્ત : ૯૦ પેલેસ્ટિની કેદી પણ આઝાદ

## યુદ્ધના અંતની શરૂઆત! ગાઝામાં ચાલી રહેલો ભયંકર વિનાશ અને નરસંહાર અટકી ગયો

**મુખ્ય સમાચાર,ગાઝા**

ઈઝરાયલ અને હમાસ વચ્ચે લગભગ બે વર્ષ કરતાં પણ વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધનો રવિવારે અસ્થાયી રૂપે અંત આવ્યો. આ સાથે, ગાઝામાં ચાલી રહેલો ભયંકર વિનાશ અને નરસંહાર અટકી ગયો છે. યુદ્ધવિરામ કરાર હેઠળ હમાસ દ્વારા ૩ ઈઝરાયલી બંધકોને મુક્ત કરવામાં આવ્યા હતા અને તે ઈઝરાયલ પહોંચી પણ ગયા છે. મુક્ત કરાયેલા તમામ બંધકો મહિલાઓ હતી. હવે, કરાર હેઠળ, ઈઝરાયલે ૯૦ પેલેસ્ટિનિયન કેદીઓ અને અટકાયતીઓને પણ મુક્ત કર્યા છે.ઈઝરાયલ દ્વારા ધરપકડ કરાયેલા મોટાભાગના પેલેસ્ટિનિયન કેદીઓમાં મહિલાઓ અને સગીર બાળકોનો સમાવેશ થાય છે. ઈઝરાયલે આ યાદીમાં રહેલા તમામ લોકોને રાજ્ય સુરક્ષા સંબંધિત ગુનાઓ માટે અટકાયતમાં લીધા હતા, જેમાં પથ્થરમારાથી લઈને હત્યાના પ્રયાસ જેવા ગંભીર આરોપોનો સમાવેશ થાય છે. જો ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ ચાલુ રહેશે તો કેદીઓની આપ-લેનો આગામી તબક્કો ૨૫ જાન્યુઆરીએ થશે, જે પહેલાથી જ સુનિશ્ચિત થયેલ છે. આગામી વાતચીતમાં હમાસ ૪ ઈઝરાયલી મહિલા બંધકોને મુક્ત કરશે. ત્યારબાદ ઈઝરાયલ દરેક બંધકના બદલામાં ૩૦ થી ૫૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામનો પ્રથમ તબક્કો કુલ ૪૨ દિવસ સુધી ચાલી શકે છે. હમાસની શરત એ છે કે યુદ્ધવિરામ કરારના પહેલા તબક્કામાં, ઈઝરાયલી સેના ગાઝામાં ચાલી રહેલો ભયંકર વિનાશ અને નરસંહાર અટકી ગયોસરહદથી ૭૦૦ મીટર પાછળ તેના ક્ષેત્રમાં જશે. યુદ્ધવિરામ કરારના પ્રથમ તબક્કામાં હમાસ ૫ મહિલાઓ સહિત ૩૩ બંધકોને મુક્ત કરી શકે છે. બીજી તરફ, ઈઝરાયલ આના બદલામાં સેંકડો પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. ૧૫ દિવસ પછી, હમાસ બાકીના બંધકોને મુક્ત કરશે. આ દરમિયાન,



બંને પક્ષો કાયમી યુદ્ધવિરામ અંગે ચર્ચા કરશે. હમાસથી કેદથી મુક્ત બ્રિટિશ-ઈઝરાયલી એમિલી ડમારી દક્ષિણ ઈઝરાયલમાં આઈડીએફ કેમ્પમાં તેની માતાને મળી હતી. તેના પરિવારે જણાવ્યું કે ૭ ઓક્ટોબરના હુમલા દરમિયાન હમાસના લડાકૂઓની ગોળી વાગતા એમિલીએ તેની બે આંગળીઓ ગુમાવી દીધી હતી. જ્યારે ડોરોન સ્ટીન બ્રેચર ૪૭૧ દિવસ સુધી હમાસની કેદમાં રહ્યા બાદ તેની માતાને મળી હતી. બીજી બાજુ રોમી ગોનેને પણ કહ્યું કે અમે એવા તમામ પરિવારોની પડખે ઊભા રહીશું જેમના પ્રિયજનો હજુ પણ હમાસની કેદમાં છે.

# નવી મુસદ્દારૂપ જંત્રી સામે વાંધા અરજી કરવાનો છેલ્લો દિવસ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

રાજ્ય સરકારની નવી જંત્રી સામે વાંધા અરજી કરવાનો આજે અંતિમ દિવસ છે. ત્યારે મળતી માહિતી મુજબ સમગ્ર રાજ્યમાંથી જંત્રી સામે અત્યાર સુધી ૭ હજાર ૨૦૦થી વધારે વાંધા અરજીઓ કરવામાં આવી છે. જેમાંથી કેટલીક અરજીઓ ઓનલાઈન પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત અરજદારોએ કેટલાક વિસ્તારોમાં જંત્રીના ભાવ વધારવા માટે પણ અરજી કરી છે. ત્યારે આપને જણાવી દઈએ કે જિલ્લા કક્ષાએ બનેલી સમિતિ હવે આ તમામ અરજીઓની સમીક્ષા કરવામાં આવશે. જેમાં અરજીઓની સમીક્ષા પછી રાજ્ય સરકારને રિપોર્ટ આપવામાં આવશે. અને ત્યારબાદ જંત્રી દર બાબતે રાજ્ય સરકાર પોતાનો અંતિમ નિર્ણય જાહેર કરવામાં આવશે. મહત્વનું છે કે નવા જંત્રી દર સામે વિરોધ ઉઠતા રાજ્ય સરકારે ૨ જાન્યુઆરીએ જંત્રી સુધારણા સમિતિની રચના કરી હતી

જંત્રી એટલે કે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવતું લેન્ડ વેલ્યૂ સર્ટિફિકેટ. જંત્રી એટલે જમીન કે કોઈપણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ માટે સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા લઘુતમ ભાવ.જો તમારો વેચાણ દસ્તાવેજ જંત્રી કરતા વધુ હશે



તો જ સરકારી ચોપડે તમે તે પ્રોપર્ટીના માલિક છો તેવી નોંધણી થશે નહીંતર નહીં થાય. જંત્રીના ભાવથી કોઈપણ પ્રોપર્ટીનો દસ્તાવેજ કરતી વખતે તમારે કેટલી સ્ટેમ્પ ડયુટી અને કેટલો રજિસ્ટ્રેશન ચાર્જ ચૂકવવો એ નક્કી કરવામાં મદદ મળે છે. બીજા રાજ્યોમાં તેને સર્કલ રેટ તરીકે ઓળખવામાં આવે છે.

# શેરબજાર ટ્રેડીંગમાં અમદાવાદનો બીજો ક્રમ: રાજકોટથી રોજ ૬૧૨ કરોડનો કારોબાર

- શેરબજારમાં દર ૫ માંથી ૧ સોદો ગુજરાતથી થાય છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સમગ્ર વિશ્વમાં વેપારી માઈન્ડેડ પ્રજા તરીકે ગુજરાતીઓની આગવી ઓળખ છે. જે પોતાની સુજબુજથી સારો વેપાર ધંધો કરી જાણે છે. દેશભરમાં શેરબજારમાં આપણા અમદાવાદે બીજા ક્રમાંકે પોતાનું સ્થાન નોંધાવ્યું છે.

દેશભરમાં શેરબજારમાં આપણા અમદાવાદે બીજા ક્રમાંકે પોતાનું સ્થાન નોંધાવ્યું છે. શેરબજાર ટ્રેડિંગમાં સમગ્ર દેશમાં અમદાવાદ બીજા સ્થાને આવ્યું છે . દેખીતી રીતે જ વાણીજ્ય સલાહકાર, મ્યુચલ ફંડ, બીગ બુલ



બ્રોકર્સનું હબ મુંબઈ હોવાથી દેશની આર્થિક રાજધાની મુંબઈએ આજે પણ પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. પરંતુ ત્યારબાદ ઈન જનરલ ઈજઊ અને ગજઊ પર થતા કુલ સરેરાશ સોદામાં ગુજરાતનો ભાગ અંદાજે ૨૦ ટકા જેટલો એટલે કે દર ૫ વ્યવહારે એક સોદો ગુજરાતમાં થાય છે તેમ કહી શકાય.

ગુજરાતમાં દરરોજનું ટર્નઓવર ૨૦ હજાર કરોડનું છે. અમદાવાદમાં દૈનિક ૯૪૦૮કરોડ તો સૌરાષ્ટ્ર રાજકોટમાંથી ૬૧૨ કરોડ રુપિયાનો કારોબાર થાય છે. ઓવરઓલ કેશ સેગમેન્ટમાં ટકાવારીની દ્રષ્ટીએ રોજીંદા ટર્નઓવરમાં ૫૩ ટકાનો વધારો નોંધાયો છે. અત્યાર સુધી પ્રથમ ક્રમાંકે આવતા મહારાષ્ટ્રને ઈંડ્ઘ રોકાણમાં પણ ગુજરાતે માત આપી પ્રથમ સ્થાન મેળવ્યું છે. વર્ષ ૨૦૨૧માં સરેરાશ દૈનિક ૪૪૭૫ કરોડથી વધી ૩.૫ ગણા વધારા સાથે હાલ ગત ઓક્ટોબર-નવેમ્બરમાં સરેરાશ ૨૦૧૩૭ કરોડનો વકરો નોંધાયો છે.

ડિજિટલ ઈન્ડિયામાં ૧૨૫ દેશો વચ્ચે ૮માં ક્રમાંક નોંધાવી ડિજિટલ ક્રાંતિ અને ઓનલાઈન વેપાર વ્યવહારોને કારણે સમય અને ઉર્જાનો બચાવ થાય છે સાથે જ મોબાઈલ એપ અને ઈન્ટરનેટના માધ્યમથી ટ્રેડિગમાં સરળતા રહે છે.

# બાર એસોસીએશનના પ્રમુખ સામે હાઈકોર્ટનો ટીકાત્મક આદેશ

## બ્રિજેશ ત્રિવેદી બાર પ્રમુખ તો ઠીક, વકીલ તરીકે પણ રહેવા યોગ્ય નથીઃ પ્રમુખપદનો ઉપયોગ કરીને અદાલતને ડરાવવાનો પ્રયાસ કર્યાની ટીપ્પણી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે ગુજરાત હાઈકોર્ટ બાર બાર એસોસિયેશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદીની વર્તણુક અંગે ગંભીર ટીકા કરતો આદેશ પસાર કર્યો હતો. અદાલતે આદેશમાં જણાવ્યું હતું કે ત્રિવેદી ફકત એડવોકેટ્સ એસોસીએશનના ચૂંટાયેલા પ્રમુખ બનવાને લાયક નથી પણ રાજ્યની સર્વોચ્ચ અદાલતના વકીલને બનવા માટે પણ અયોગ્ય છે.

ઉલ્લેખનીય છે કે એક જવલ્લે જ બનતી ઘટનામાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને ગુજરાત હાઈકોર્ટ બાર એસોસીએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી વચ્ચે શુક્રવારે ચાલુ કોર્ટમાં ઉગ્ર શબ્દોની આપલે સાથેની દલીલો થઈ હતી. ત્રિવેદીએ ચીફ જસ્ટીસને લોર્ડ ફ્રાન્સિસ બેકનનો એક કથન યાદ અપાવ્યું હતું જે 'ઓવરસ્પીકીંગ જજ' વિશે હતું. ત્યારબાદ તેઓ ચાલુ કાર્યવાહી છોડીને કોર્ટની પરવાનગી વગર ચાલ્યા ગયા બાદ અદાલતે ત્રિવેદીની વર્તણુક બાબતે આદેશ પસાર કર્યો હતો. કેસની વિગતો મુજબ વર્ષ ૨૦૧૧માં દાખલ થયેલી એક જાહેર હિતની અરજીની સુનાવણી દરમ્યાન શુક્રવારે કેસની દલીલો સાંભળવા અને મુદત લેવા બાબતે ચાલુ કોર્ટમાં આ ચકમકના દ્રશ્યો સર્જાયા હતા. જો કે, ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે સમગ્ર મામલાની બહુ જ ગંભીર રીતે નોંધ લઈ હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી વિરુધ્ધ બહુ જ ગંભીર ટીકાત્મક અવલોકનો કર્યા હતા અને જણાવ્યું હતું કે, બ્રિજેશ ત્રિવેદી જે રીતે વર્ત્યા છે તે એકંદરે સ્પષ્ટ સંકેત આપે છે કે તેઓ કોર્ટમાં પોતાનું ઉપદ્રવ ઊભું કરવા માટે બારના ચૂંટાયેલા પ્રમુખ તરીકેના તેમના પદનો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. બારના પ્રમુખના આ પ્રકારના વર્તનને ચીફ જસ્ટિસે બિલકુલ અનૈતિક ગણાવ્યું હતું. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદીની વર્તણૂંકની ભારોભાર



આલોચના કરતાં એટલે સુધી જણાવ્યું હતું કે, બારના ચૂંટાયેલા પ્રમુખ બ્રિજેશ ત્રિવેદીની આ વર્તણૂક, કોર્ટને સ્થગિત કરવા માટે ડરાવવાનો પ્રયાસ છે અને જ્યારે કોર્ટ ફક્ત કેસના ગુણદોષ પર દલીલો માટે આગ્રહ કરી રહી હતી ત્યારે અવિચારી આરોપો લગાવીને અનુચિત દબાણ ઊભું કરવાનો પ્રયાસ છે. અમે બાર પ્રમુખના આ વર્તનને અનૈતિક ગણાવીએ છીએ. બ્રિજેશ ત્રિવેદીએ જે વર્તણૂક દર્શાવી છે.

તે સંસ્થા પ્રત્યેનો તેમનો સંપૂર્ણ અનાદર પ્રગટ કરે છે અને તેમનું વલણ દર્શાવે છે જે ફક્ત એડવોકેટ્સ એસોસીએશનના ચૂંટાયેલા પ્રમુખ બનવાને લાયક નથી પણ રાજ્યની સર્વોચ્ચ અદાલતના વકીલને બનવા માટે પણ અયોગ્ય છે.

# બોન્ડ પર પ્રતિબંધ બાદ ચૂંટણી ટ્રસ્ટો ડોનેશનથી છલકાયા

## ટ્રસ્ટને ડોનેશનમાં પણ છટકબારીઃ કોર્પોરેટ ગૃહે કયા પક્ષ માટે દાન આપ્યું તે જાહેર થતુ નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રાજકીય પક્ષોને ચૂંટણી દાન માટે ઉપયોગમાં લેવાતા ચૂંટણી બોન્ડ પર સર્વોચ્ચ અદાલતે ગત વર્ષે પ્રતિબંધ મુકયા બાદ હવે નઈલેકટ્રોલ ટ્રસ્ટથકોર્પોરેટ દાનથી છલકાવા લાગ્યા છે. ટ્રસ્ટ મારફત મોટુ દાન આવતા જાણીતા ટ્રુડેન્ટ ઈલેકટ્રોલ ટ્રસ્ટમાં કોર્પોરેટ દાનનો પ્રવાહ ઘણો વધી ગયો છે. ૧૫ ફેબ્રુઆરીએ સુપ્રિમ કોર્ટે ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ મુકયો હતો. ત્યારબાદ ૧૬ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ ૨૦૨૪ ના દોઢ માસમાં જ ટ્રસ્ટને ૧૦૭૫.૭ કરોડનું ડોનેશન મળ્યુ હતું. તેમાંથી ૭૫ ટકા ડોનેશન કોર્પોરેટ ક્ષેત્રનું હતું.

ગત નાણાંકીય વર્ષનાં ટ્રસ્ટના ડોનેશનનો રીપોર્ટ ચૂંટણી પંચની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યો છે. જેમાં રાજકીય પક્ષોને આપવાના થતા દાનમાં ત્રણ ગણો વધારો થયો છે. ગત વર્ષે ટ્રસ્ટને ૧૦૭૫.૭ કરોડ મળ્યા હતા. જયારે ૨૦૨૨-૨૩ માં આ રકમ માત્ર ૩૬૩ કરોડ હતી.સામાન્ય ચૂંટણી પૂર્વે રાજકીય ડોનેશનમાં વધારો કોઈ અસામાન્ય ઘટના નથી પરંતુ જે રીતે તેમાં વધારો થયો છે તે સૂચક છે. ૧ એપ્રિલ ૨૦૨૩ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ (૧૫ ફેબ્રૂઆરીએ ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ મુકાયો હતો) દરમ્યાન ટ્રસ્ટને માત્ર ૨૭૮.૬ કરોડનું જ ડોનેશન મળ્યુ હતું. પરંતુ ૧૬ ફેબ્રુઆરીએ ૩૧ માર્ચ દરમ્યાન તે આંકડો ૭૯૧.૧ કરોડ હતો. અર્થાત ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધના દોઢ માસમાં જ ટ્રસ્ટનો વૈકલ્પિક રૂટ અપનાવી લેવાયો હતો. આનો સીધો અર્થ એવો થાય છે કે કોર્પોરેટ દાતાઓએ ચૂંટણી બોન્ડનો વિકલ્પ તાત્કાલીક શોધી લીધો હતો. પ્રુડન્ટ ટ્રસ્ટમાં કોર્પોરેટ દાતાઓની સંખ્યા પણ આટલા વર્ષનાં ૨૨ થી વધીને ૮૩ પર પહોંચી ગઈ હતી. સૌથી વધુ ૧૦૦-૧૦૦ કરોડ રૂપિયા ડીએલએફ તથા આર્સેલર ગ્રુપે આપ્યા હતા. માથા પ્રોજેકટે ૭૫ કરોડ, મારૂતી સુઝુકી તથા સીઈએસઈએ ૬૦-૬૦ કરોડ, હીટરો ગ્રુપે ૫૫ કરોડ, ટીવીએસ તથા એપોલો ટાયર્સે ૫૦-૫૦ કરોડ, સીપ્લાએ ૩૫.૨ કરોડ તથા જીએમઆર ગ્રુપે ૨૬ કરોડ આપ્યા હતા. ચૂંટણી બોન્ડમાં સૌથી વધુ ખરીદી કરવામાં બીજા ક્રમે મેઘા એન્જીનીયરીંગે ૨૫ કરોડનું ડોનેશન આપ્યુ હતું. ચૂંટણી બોન્ડમાં દાતાઓના નામ ગુપ્ત રાખી શકાતા હતા પરંતુ ટ્રસ્ટ માર્ગે ડોનેશનમાં તમામે ઓળખ આપવાની ફરજીયાત છે.ઈલેકટ્રોલ ટ્રસ્ટે રાજકીય પક્ષોને આપેલા દાનનો આંકડો જાહેર કરવાનો થાય છે. પરંતુ કોઈ કોર્પોરેટ કંપનીએ તેવા પક્ષો માટે દાન આપ્યું હતું તે જાહેર થતુ નથી. ચૂંટણી પંચની વેબસાઈટ પર જુદા-જુદા ઈલેકટ્રોલ ટ્રસ્ટના ડોનેશન રીપોર્ટ અપલોડ થયા છે. પ્રુડેન્ટલનો આંકડો ૧૦૭૫.૭ કરોડનો છે.જયારે ટ્રમ્ફ ટ્રસ્ટનો ૧૩૨.૫ કરોડ, જયભારત ઈલેકટ્રોલ ટ્રસ્ટ ૯ કરોડ, પરિવર્તન ઈલેકટ્રોલ ટ્રસ્ટના ૧ કરોડ મળ્યા હતા. પ્રુડેન્ટલ ઈલેકટ્રોલ ટ્રસ્ટના ૧૦૭૫.૭ કરોડમાંથી સૌથી વધુ ૭૨૩.૮ કરોડ ભાજપને અપાયા હતા. કોંગ્રેસને ૧૫૬.૪ કરોડ, બીઆરએસને ૮૫ કરોડ, વાયઆરએસ કોંગ્રેસને ૭૨.૫ કરોડ ટીડીપીને ૩ કરોડ તથા જનસેવા પાર્ટીને ૫ કરોડ એમકેને આપ્યા હતા. મોટાભાગના ટ્રસ્ટોનું મોટાભાગનું દાન ભાજપને અપાયુ હતું.

# ખ્યાતિ હોસ્પિટલ કાંડઃ કાર્તિક પટેલની સહી વિના એકપણ નાણાં વ્યવહાર થતા ન હતા

## કાર્તિક પટેલના ૩૩ બેંક ખાતાની ફોરેન્સીક તપાસઃ ચાર્ટર્ડ એકાઉન્ટની મદદ મેળવાઈ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

બિનજરૂરી સર્જરી કરીને સરકારી આરોગ્ય યોજનાના નાણાંની ઉચાપત કરવાનાં ખળભળાટ સર્જતા ખ્યાતિ હોસ્પીટલ કાંડમાં ડાયરેકટર કાર્તિક પટેલની ધરપકડ થવા સાથે જ નવા-નવા ખૂલાસા થવા લાગ્યા છે.૧ સપ્ટેમ્બર ૨૦૨૧ થી ૨૮ ઓકટોબર દરમ્યાન દાખલ થયેલા ૮૫૩૫ માંથી ૩૮૪૨ અર્થાત ૪૫ ટકા દર્દીઓની સહકારી યોજના હેઠળ સારવાર કરવામાં આવી હતી. સમગ્ર કૌભાંડની તપાસ માટે ચાર્ટર્ડ એકાઉન્ટને સામેલ કરવામાં આવ્યા છે.

તબીબી ક્ષેત્રનાં સુત્રોએ કહ્યું કે મધ્યમ કક્ષાની હોસ્પીટલોમાં સરેરાશ ૩૦ ટકા દર્દીઓની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવાર થતી હોયછે પરંતુ ૪૫ ટકાની ટકાવારી ઘણી ઉંચી ગણી શકાય.

પોલીસ તપાસમાં એવુ બહાર આવ્યું છે કે હોસ્પીટલમાં સારવાર લેનારા ૮૫૩૪ માંથી ૧૧૨ દર્દીનાં મોત થયા હતા. અર્થાત સારવાર મૃત્યુદર ૧.૩ ટકા હતી. ખ્યાતિ હોસ્પીટલનાં ડાયરેકટર કાર્તિક પટેલની સહી વિના એકપણ નાણાકીય વ્યવહાર થતાં ન હતા એટલે તેઓની ભૂમિકા ઘણી જ મહત્વપૂર્ણ અને ગંભીર છે. ક્રાઈમ બ્રાંચના એક સીનીયર અધિકારીએ કહ્યું કે હોસ્પીટલનુ કામકાજ પીએમજેવાય આધારીત જ હતું કે કેમ તેના પર તપાસ કેન્દ્રીત કરવામાં આવી છે.ખાસ કરીને આયુષ્યમાન કાર્ડ ન ધરાવતા દર્દીઓને તત્કાળ




કાર્ડ કઢાવી દેવાની પ્રવૃતિ તપાસ હેઠળ છે.

કાર્તિક પટેલે પ્રાથમીક તપાસમાં એમ કહ્યું કે કોવીડ કાળ સામે હોસ્પીટલમાં બેડ મળ્યો ન હતો. એટલે આરોગ્ય ક્ષેત્રમાં ઝંપલાવવાનું નકકી કર્યુ હતું અને દર વર્ષે અન્ય પેઢીઓમાંથી લોન લઈને હોસ્પીટલમાં રોકાણ વધારતો રહ્યો હતો. ધરપકડથી બચવા તમામ કાનુની વિકલ્પો બંધ થઈ જતા પરત ફરવાનું નકકી કર્યુ હતું.કાર્તિક પટેલને સાંકળતા ૩૩ બેંક ખાતાની તપાસ કરવામાં આવી છે.

દરમ્યાન પ્રધાનમંત્રી આરોગ્ય યોજના હેઠળ મેળવેલા ૧૬.૬૪ કરોડનુ રોકાણ કયા અને કેવી રીતે કર્યું તેનુ પગેરૂ મેળવવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટને તપાસમાં સામેલ કરાયા છે.

# સત્તાધારના સત માટેની લડાઈ; કાલે રાત્રે નરેન્દ્રબાપુ મોટો ધડાકો કરશે

## રાજકોટની શ્યામવાડી ખાતે નરેન્દ્રબાપુ જીવંત પ્રસારણ સાથે દરેક વર્ગના લોકોને કરશે સંબોધન : હવે ભયનું સામ્રાજય દુર થવાનો વખત આવી ગયો છે : જુના કેસ પણ ફરી ઉખેડવાની ચિમકી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સતાધારની જગ્યામાં છૂપાયેલું સત્ય ઉજાગર કરવા મેદાને પડેલા આપાગીગાના ઓટલાના મહંત શ્રી નરેન્દ્રબાપુએ એક નિવેદનમાં આજે જણાવ્યું છે કે આવતીકાલ તા. ૨૧ જાન્યુ, ૨૦૨૫, મંગળવાર ના રોજ રાત્રીના ૯ કલાકે શ્યામવાડી ટ્રસ્ટની ઓફીસ ભકિતનગર સર્કલ ખાતે નઓપન ફોર ઓલથ એટલે કે સમગ્ર પ્રેસ મીડીયા, સમગ્ર ઈલે. મીડીયા તેમજ સાધુ સંતો, મહસ્રતશ્રીઓ, સતાધાર ધામના સેવકો, તેમજ સનાતન ધર્મના સમગ્ર લોકો એટલે કે વડીલો, યુવાનો, માતાઓ, બહેનો તેમજ સમગ્ર સમાજના બુધ્ધીજીવી વર્ગ તેમજ સમગ્ર એજયુકેટેડ વર્ગ એટલે કે વકીલો, ડોકટરો, શિક્ષણવિદો, એન્જીનીયરો, સી.એ., બિલ્ડર્સ, કોન્ટ્રાકરો, સર્વે વેપારીઓ, કલાસ-૧,૨,૩,૪ ના અધીકારીઓ, પદાધીકારીઓ તેમજ અઢારેય કોમના એટલે કે સમગ્ર સમાજના સર્વે પદાધીકારીઓ તેમજ સમગ્ર સમાજમાં ચાલતા સહુ મંડળો, સમુહલગ્ન સમિતિઓ, ધાર્મીક પ્રવૃતિઓ એટલે કે સમુહ લગ્નો, બ્લડ ડોનેશન કેમ્પો, આરોગ્યને લગતા કેમ્પો તેમજ વૃધ્ધાશ્રમો વિગેરે અનેક પ્રકારની સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા સમગ્ર સમાજના લોકોને નિમંત્રણ આપ્યું છે. ઉપરોકત સમયે સનાતન ધર્મ અને સતાધાર જગ્યા કે જયાં હજારો અને લાખો ગરીબ ગુરબાઓ સાધુ, સંતો, બ્રાહમણો, અભ્યાગતો, મુંડીયાઓ, લુલા લંગડાઓ તેમજ શ્રધ્ધા અને આસ્થા સાથે જોડાયેલા દરેક સમાજના દરેક લોકોની આ જગ્યા એટલે કે સતાધાર ધામની આ જગ્યાનુસ્ર સત્ય ઉજાગર કરવા સૌનો સહકાર માંગ્યો છે.

વધુમાં નિવેદનમાં નરેન્દ્રબાપુએ જણાવ્યું છે કે, અમો એ સતાધારધામની જગ્યાને કયારેય પણ જરા સરખુ પણ નુકસાન થાય તેવુ કોઈપણ કૃત્ય ભુતકાળમાં કયારેય પણ કર્યુ નથી .

અને ભવિષ્યમાસ્ર પણ કરવાના નથી અને અમોને કયારેય આવો વિચાર આવે તો અમારી પરંપરાઓ પણ લાજે. પરંતુ સનાતન ધર્મના નામે તેમજ સતાધારધામની જગ્યાના નામે કોઈપણ સમાજના કોઈપણ લોકોને વ્યભિચારો, ભ્રષ્ટાચારો તેમજ સતાધારધામની અખંડિતતા, ભવ્યતા અને પરંપરાઓને કોઈપણ રીતે બગાડવા દેવામાં આવશે નહી.

હાલમાસ્ર વિજયભગત તેમજ ગીતાબેન દ્વારા સતાધારધામની જગ્યામાસ્ર તેમજ આજુબાજુના સમગ્ર વિસ્તારમાં અનેક લોકોને માર મારી, માર મરાવી અને ભયનું સામ્રાજય ઉભુ કરી દેવામાં આવેલ છે. જે કોઈપણ સંજોગોમાં હવે ચલાવી લેવામાં આવશે નહી.

નરેન્દ્રબાપુએ વધુમાં નિવેદનમાં જણાવ્યું છે કે, સતાધાર ધામની જગ્યા અઢારેય વર્ણની જગ્યા છે અને રહેવાની જ છે આ જગ્યા સંપૂર્ણપણે વિરકત અને ફકડની જગ્યા છે (એટલે કે બ્રહ્મચારીની જગ્યા છે) આજગ્યા પરમપૂજનીય શ્રી આપાગીગા ગુરૂશ્રી દાનબાપુ, પરમપૂજનીય શ્રી કરમણબાપુ ગુરૂશ્રી આપાગીગા, પ.પૂ.શ્રીરામબાપુ ગુરૂશ્રીકરમણબાપુ, પ.પૂ.શ્રીહરીબાપુ ગુરૂશ્રી રામબાપુ, પ.પૂ. શ્રી લક્ષ્મણબાપુ ગુરૂશ્રી હરીબાપુ, પ.પૂ. શ્રી શામજીબાપુ ગુરૂશ્રી લક્ષ્મણબાપુ, પ.પૂ. શ્રી જીવબાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુની આ જગ્યા છે અને આ જગ્યા સંપૂર્ણપણે સતાધાર ધામની ઉતરોતર પરંપરાઓ મુજબ ચલાવવામાં આવેલ તે મુજબ જ ચલાવવાની છે અને હવે પુનઃ શ્રી આપાગીગા થી લઈ અને શ્રી જીવરાજબાપુ દ્વારા જે પ્રમાણે જગ્યાનું સંચાલન કરવામાં આવતુ હતુ તે જ પ્રમાણે અગામી દિવસોમાં પણ સંચાલન કરવામાં આવશે.

હવે સતાધારધામની જગ્યા એટલે કે અમારી ગુરૂગાદીની અંદર જોહુકમીઓ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહી. હવે કોઈપણ લોકો એ કોઈપણ પ્રકારે એટલે કે નાના સાધુઓ હોય, બ્રાહ્મણો હોય, અભ્યાગતો હોય અથવા તો ટેલીયાઓ(સેવકો) હોય કોઈએ કોઈપણ પ્રકારનો ડર રાખવાની જરૂર નથી. વિજયભગતને હવે સતાધારધામની જગ્યામાંથી રવાના થવાનો સમય આવી જ ગયો છે.

જેટલા વ્હેલા રવાના થશે એટલી તેઓની પોતાની આબરૂ બચેલી રહેશે. અન્યથા સંપૂર્ણપણે જરૂર જણાયે કાયદાકીય રીતે પણ કાયદાની જોગવાઈઓ મુજબ ગાંધીચિંધ્યા માર્ગે સંપૂર્ણપણે જરૂર જણાયે ફોજદારી કેસો, દિવાની કેસો, ચેરીટીના કેસો, ભુતકાળમાં થયેલ કેસોને પણ પુનઃઉજાગર કરાશે. તેમજ જરૂર જણાયે નવા આધાર પુરાવાઓ સાથેના ફોજદારી, દિવાની, ચેરીટીને લગતા કેસો પણ કરવામાં આવશે. જેની પણ પ્રેસ મીડીયા, ઈલે. મીડીયાના માધ્યમથી વિજયભગતને પણ જાણ કરીએ છીએ. આ જાણને ખુબ જ ગંભીરતા પૂર્વક લેવા માટે હાલના મહંત વિજયભગતને નરેન્દ્રબાપુએ અનુરોધ કર્યો છે. ઉપરોકત સતધારધામની જગ્યાના સંપૂર્ણપણે સત્યને ઉજાગર કરવા માટે એક ખુબ જ નાનકડો પ્રયાસ કરવામાં આવશે. તો સમગ્ર લોકોને આ સાથે ના ફેસબુક એકાઉન્ટ, ઈન્સ્ટાગ્રામ તેમજ યુ ટયુબના માધ્યમથી લાઈવ ટેલીકાસ્ટમા જોડાવા માટેની અપીલ નરેન્દ્રબાપુએ કરી સૌને સત્યની લડાઈમાં બળ આપવા હાકલ કરી છે.

# ગોંડલમાં સરકારી ખીમોરી તળાવ પાસેની કરોડો રૂપિયાની સરકારી જમીન ભૂ માફિયાઓને પધરાવાઈ

## શાકભાજીનો વ્યવસાય કરવા વર્ષો પહેલા દેવીપૂજક પરિવારને જમીન ફાળવવામાં આવી હતી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ માં ખીમોરી તળાવ પાસે આવેલી કરોડોની કિંમત ની જમીન માં મહેસુલ વિભાગ નાં ભ્રષ્ટ અધિકારીઓ તથા ભુ માફીયાઓની મીલીભગત થી કૌભાંડ આચરી સબ ભુમી ગોપાલકી ૫ થયાની સનસનીખેજ રજુઆત ગોંડલ નાં જાગૃત નાગરિક -પિયુષ રાદડીયા દ્વારા જીલ્લા કલેકટર ને કરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.ગુંદાળારોડ પર આવેલા બાલાજી કોમ્પ્લેક્ષ સહિત ની જમીન માં પણ આવુ કૌભાંડ આચરાયાનું રજુઆત માં જણાવાયું છે. પિયુષ રાદડીયા એ કલેકટર ને કરેલી ફરિયાદ માં જણાવાયું કે વર્ષો પહેલા ગોંડલ શહેરના વિભાગ ન.૬ ના રે.સ.ન.૪૪૭ પૈકિ ૨ તથા ૪૪૭ પૈકી ૩ તથા ૪૪૭ પૈકી ૪ ની ખીમુસરી તળાવ પાસે સરકારી જમીન દેવીપૂજક સમાજના પોપટ રાયમલ દેવીપુજક તથા ગોપાલ પોપટ તથા રવજી પોપટને માત્ર શાકભાજી વાળા માટે નવી અને અવિભાજ્ય શરતથી આપવામાં આવી હતી. વર્ષો બાદ તળાવના કાંઠે આવેલી આ જમીન કીમતી થઈ ગઈ હતી. આ કીમતી જમીન પર જમીન માફીયાઓનો ડોળો પડયો હતો. મહેસુલ વિભાગના ભ્રષ્ટ્રાચારી તંત્ર દ્વારા બિલ્ડર લોબીઓને ફાયદા માટે રોજકામ કરવામાં આવ્યું હતું. આ જમીનમાં શ્રી સરકાર દાખલ થયેલ હતી. જેમાં જિલ્લા કલેકટર દ્વારા રહેમરાહે ફરી પછી જમીન ખેતી કરી રોજગારી માટે આપેલ હતી. પરંતુ લાભાર્થી પરિવારોએ જમીન રોજગારી અને કુટુંબનું પાલન પોષણ કરવાને બદલે વેંચી દીધી હતી. ફરિયાદમાં વધુ જણાવાયું કે આ જમીન મૂળ ખાતેદારના કુટુંબના ભરણ પોષણ માટે ફરી રી ગ્રાન્ટ કરેલ હતી. જેની શરતભંગ કરીને લાભાર્થી પરિવારે વેચી નાખી છે. આ સરકારની અત્યંત કિંમતી જમીન પર ભૂ-મફિયાઓના બદઈરાદો પાર પડે તે પહેલા ફરિયાદ કરાઈ છે. ફરિયાદમાં બિન ખેતી હુકમ રદ કરવાની માંગણી કરી છે. જામીન ખીમુસરી તળાવની નજીકની હોવા છતા કૌભાંડીઓએ જમીનનું પ્રીમીયમ ભર્યુ હતું. જમીન મૂળ ખીમુસરી તળાવની હોવા છતાં રાજકોટ ઉ.કઈ.છકચેરીના ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા માપી આપી હુકમ કરેલ છે. તેની અત્યંત જીણવટ ભરી તપાસ કરવા અરજી કરી છે. આ સરકારની ખરાબાની અત્યંત કીમતી જમીન પર કેવી રીતે માપણી કરી તે પણ તપાસનો વિષય છે. આ જમીન પર થતું બાંધકામ તાત્કાલિક બંધ કરાવા અરજ કરાઈ છે. જમીનમાં તાત્કાલિક શ્રી સરકાર દાખલ કરી તાત્કાલિક બાંધકામ બંધ કરાવવા અપીલ કરાઈ છે. આવું બીજુ કૌભાડ ગોંડલ ના ભાગ ૪ ગુંદાળારોડ પર મૂળ ગુંદાળા ગામના અને હાલ વિદેશ સ્થાઈ થયેલા કોઈ એન. આઈ. આર. ની જમીનમાં કરાયું છે. જે જમીનમાં કોઈ પૈકી ભાગ પડયો ન હોવા છતાં ખીમોરી તળાવના કાંઠે માલધારીઓના તબેલા ખાલી કરાવી અને હાલ ત્યાં આવી કોઈ પણ જમીન ન હોવા છતાં માપણી માટે તજવીજ ચાલુ છે. જે ગુંદાળા ગામના ઈંટ ભઠ્ઠા વાળાઓના ભઠ્ઠાને ખાલી કરાવી હોવાનું લોક ચર્ચામાં છે તેની પણ તપાસ કરવા અરજ છે.વધુ માં પીયુશ રાદડીયા એ જણાવ્યું કે ભુમાફીયાઓ દ્વારા બાલાજી મોલ, તીરુમાલા નામનું મોટુ કોમ્પ્લેક્ષ ઉભુ કરી દેવાયુછે. બાલાજી મોલમાં સિનેમા પણ ઉભુ કરી દેવાયુછે, અને સિનેમા નજીક બાલાજી પાર્ક નામની સોસાયટી પણ ખડકી દેવાઈ છે. કલેકટર માં કરાયેલ ફરિયાદ નાં પગલે ચક્ચાર જાગીછે. જો તપાસ થાય તો અધિકારીઓ તથા કેટલાક મોટામાથાઓ સુધી તપાસ નો રેલો પંહોચે તેવી શક્યતાઓ છે.

# ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના નામે ૧૦ લોકો સાથે છેતરપીંડી, બેંક કર્મીએ રૂ.૩.૬૫ લાખ વાપરી નાંખ્યા

## જેતપુરના મહિલા વેપારીએ ફરિયાદ નોંધાવી, પોલીસે આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરની બેંક ઓફ બરોડાના કર્મચારી પ્રદિપ વાળાએ ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના નામે મહિલા અને સિનિયર સિટીઝનોના ઘરે અને દુકાને જઈ મોબાઈલમાંથી ઓટીપી મેળવી રૂ.૩.૬૫ લાખ વાપરી નાંખી છેતરપીંડી આચરતાં જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.બનાવ અંગે જેતપુરના કેનાલ કાંઠે રૈયારાજ-૨ માં રહેતાં ચંદ્રિકાબેન નટવરલાલ માલવીયા (ઉ.વ.૫૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રદિપ ભીખુ વાળા (રહે. જૂનાગઢ) નું નામ આપતાં જેતપુર સીટી પોલીસે આઈટી એક્ટ અને છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જેતપુર, કણકીયા પ્લોટમાં ગોકુલ ઈલેક્ટ્રીક નામની દુકાન ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેણી અને તેના પતિનું જેતપુરની બેંક ઓફ બરોડા બેંકમાં જોઈંટ સેવિંગ બેન્ક એકાઉન્ટ છે, અને ક્રેડિટ કાર્ડ પણ કઢાવેલ હતું. ચારેક મહિના પહેલા બેંક ગયેલ ત્યારે ક્રેડીટ કાર્ડનુ કામ કરતા પ્રદીપ વાળાને મળેલ અને ક્રેડીટ કાર્ડ બંધ કરવાની વાત કરેલ તો તેને મોબાઈલ ફોન માંગેલ અને તેઓએ મોબાઈલ ફોનમાં પ્રોસેસ કરી થોડીવાર પછી વાત કરેલ કે, તમારૂ ક્રેડીટ કાર્ડ થોડા દિવસમાં બંધ થઈ જશે.

થોડા દિવસ બાદ ક્રેડીટ કાર્ડ બંધ થયેલ ના હોય જેથી પ્રદીપને ફોન કરેલ તો, તેને કહેલ કે, હું તમારી દુકાને આવુ છુ, તેમ વાત કરી તે દુકાને આવેલ અને મોબાઈલ ફોન માંગી પ્રોસેસ કરી કહેલ કે, થોડા દિવસમાં ક્રેડીટ કાર્ડ બંધ થઈ જશે તેમ વાત કરી જતો રહેલ હતો. આમ બે-ત્રણ વાર તે દુકાને આવેલ મોબાઈલ ફોન લઈ જેમાં પ્રોસેસ કરી થોડા દિવસમાં ક્રેડીટ કાર્ડ બંધ થઈ જશે તેમ વાત કરી જતો રહેતો હતો. ત્રણેક માસ પહેલા તેણીને ફોન આવેલ કે, તમારે ક્રેડીટ કાર્ડના બીલના રૂ.૩૦ હજાર ચુકવવાના છે, જેથી તેણી બેંક પર ગયેલ તો જાણવા મળેલ કે, આરોપી પ્રદિપ ક્રેડીટ કાર્ડ બંધ કરવાના બહાને તેણીનો મોબાઈલ ફોન લઈ જતો અને મોબાઈલમાંથી ઓ.ટી.પી. લઈ ક્રેડીટ કાર્ડમાંથી પૈસા ઉપાડી લેતો હતો. બેંક પર તેમના સિવાય ચંદુલાલ કાપડીયા, ભંદ્રેશભાઈ ભોજવાણી, દિપેનકુમાર હરસુરીયા પણ હાજર હતા. આરોપી પ્રદીપે તેઓને પણ ક્રેડીટ કાર્ડની લીમીટ વધારવાની તેમજ અન્ય ઈસ્યુ સોલ્વ કરવાની વાત કરી કોઈ પણ રીતે ઓ.ટી.પી. મેળવી લઈ તેઓના પણ પૈસા ઉપાડી લઈ વિશ્વાસઘાત કરેલ છે.

જેમાં જાણવા મળેલ કે, આરોપીએ મગનભાઈ વીરાડીયાના રૂ.૨૦ હજાર, ચંન્દ્રકાંતભાઈ મકવાણાના રૂ.૧૫ હજાર, શારદાબેન કથીરીયાના રૂ.૩૧ હજાર, ચંદુલાલ કાપડીયાના રૂ.૪૦



હજાર, ચંદ્રેશભાઈ ભોજવાણીના રૂ.૨૮ હજાર, દિપેનકુમાર હરસુરીયાના રૂ.૫૮,૫૦૦, સમીરભાઈ ભટ્ટીના રૂ.૧૦૮૯૨, ચેતનકુમાર ગઢીયાના રૂ.૫૦ હજાર અને મંજુબેન ગુજરાતીના રૂ.૪૧,૭૪૬ સહિતના લોકોના ક્રેડીટ કાર્ડની લીમીટ વધારી આપવા તેમજ ઈસ્યુ સોલ્વ કરવાની વાત કરી લોકો પાસેથી કોઈ પણ રીતે પાસવર્ડ મેળવી કુલ રૂ.૩.૬૫ લાખ પોતાના અંગત વપરાશમાં વાપરી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગે જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# રાજુલા મા વિશ્વાસ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અને સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા સમુહ શાદી યોજાઈ



**મુખ્યસમાચાર ઉના અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ઉમેજ ગામના ના મુનાભાઈ ઉનડજામ એ વ્યસન અને સમાજ સુધારક બાબતે ખુબજ સરસ વક્તવ્ય આપ્યું હતું જેને સાંભળીયા બાદ ઉનાના પીર સૈયદ પીર બાપુ હાશમી એ મુનાભાઈ ની વાત ને સમર્થન આપતા કહ્યું હતું કે સમાજ માં વ્યસન છોડાવવા બાબતે મુનાભાઈ અને સમાજ ને જ્યાં જરૂર પડે ત્યાં હું તમારી સાથે છું અને આ તકે અમરેલી સાવરકુંડલા ગારીયાધાર મહુવા ડુંગર રાજુલા ધારી જાફરાબાદ ઉના ગીર સોમનાથ જૂનાગઢ બગસરા અને સમગ્ર પંથક ના હિન્દુ અને મુસ્લિમ સમાજ ના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં

# ઉપલેટા તાલુકામાં આઈ.સી.ડી.એસ ઘટક દ્વારા રસોઈ શો ની તાલીમ યોજવામા આવી

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

આંગણવાડી એટલે બાળકોનો સર્વાંગી વિકાસ આંગણવાડી પર અન્ય મુખ્ય સેવાઓમાં સૌથી મહત્વની સેવામાં પુરક આહારની સેવા આવે છે જેમાં ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી પર સવારનો ગરમ નાસ્તો અને બપોરનો ગરમ પુરક આહાર આપવામાં આવે છે . આંગણવાડી કેન્દ્ર પર પૌષ્ટિક , પોષણયુક્ત પુરક આહાર તેડાંગર બહેનો બનાવે છે .પુરક આહાર એ કુપોષિત બાળકોને તંદુરસ્ત કરવામાં મહત્વની ભૂમિકા બજાવે છે .

ઉપરોક્ત સેવાનાં સંદર્ભ માં આંગણવાડી તેડાગર બહેનોના ક્ષમતાવર્ધન માટે તેમજ નવા આવેલ બહનેઓ માટે ઉપલેટા તાલુકામાં આંગણવાડીના મેનુ મુજબ વાનગી બનાવતા શીખવવા માટે ૨ દિવસીય રસોઈ શો તાલીમનું આયોજન થયેલ.




જેમાં બહેનોને સ્થાનિક કક્ષાએ મળતી સામગ્રી માંથી જ ખોરાક નું પોષણ મૂલ્ય જળવાય રહે તેમજ વધે તે રીતે વાનગી બનાંવવાની તાલીમ આપેલ હતી.

તાલીમ દરમિયાન ખોરાક રાંધવાની અલગ અલગ પદ્ધતિઓ, પોષણ મૂલ્ય જાળવવા માટે અલગ અલગ રિતોનું માર્ગદર્શન તાલીમ સ્થળ પર જ વાનગીઓ બનાવી આપવામાં આવ્યું હતું.

# ધ્રોલમાં ૧૪ ઘેટા અને બકરા ચોરનાર ૩ શખ્સ પકડાયા



જામનગર ધ્રોલ માંથી પંદરેક દિવસ પહેલા રાત્રીનાં સમયે વાડા માંથી ત્રણ અલગ અલગ જગ્યાએથી કુલ ૧૪ નંગ ઘેટા બકરાની ચોરીની ઘટનાથી ચકચાર મચી હતી. જેનો ગુનો નોંધી ધ્રોલ પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે ચોરી કરનાર ત્રણ આરોપીની અર્ટીગા કાર સાથે ધરપકડ કરી ૧૪ નંગ ઘેટા બકરા સાથે ૧,૧૮,૦૦૦નો મુદામાલ રીકવર કર્યો હતો. ધ્રોલના લતીપર રોડ પર આવેલ દેવીપૂજકવાસમાં આવેલ રવિભાઈ વકસીભાઈ વાઘેલાના વાડા માં આશરે નાના મોટા ૨૦ બકરા અને ૧૦ મોટા ઘેટા રાખેલ હતા. તેમાંથી કોઈ અજાણ્યા શખ્સો કડકડતી શિયાળાની ઠંડીનો લાભ લઈને તેના વાડામાંથી ઘેટા-બકરા નંગ ૯ જેની કિંમત ૭૦,૦૦૦ તેમજ જોડીયા રોડ પર રહેતા મશરૂભાઈ રાતડીયાના વાડા માંથી ચાર બકરી જેની કિંમત ૪૦,૦૦૦, અન્ય એક ભેંસદડ ગામે રહેતા દિનેશભાઈ જગુભાઈ વાઘેલાના વાડા માંથી એક બોકડો કિંમત રૂપિયા ૮૦૦૦, મળીને ૧૪ નંગ ઘેટા બકરા સાથે કુલ કિંમત રૂપિયા ૧૧૮૦૦૦ હજારની કિંમતના. નાના.-મોટા ઘેટા બકરાની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી ગયાની ધ્રોલ પોલીસ મથકે રવિભાઈ વકસીભાઈ વાઘેલાએ ફરિયાદ નોંધાવતા ધ્રોલ પોલીસે ગુનો નોંધી હેડ. કોન્સ્ટેબલ એચ.બી. સોઢીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર બ્રાસના વેપારી સાથે રૂપિયા ૨૧ લાખની છેતરપિંડી

જામનગર બ્રાસના વેપારી સાથે રૂપિયા ૨૧ લાખની છેતરપિંડી થઈ.દિ.પ્લોટ વિસ્તારમાં કારખાનું ચલાવતા વેપારીએ હરીયાણા ખાતે આવેલા કારખાનામાં ૨૦૧૫થી ૨૦૨૦ સુધી કટકે-કટકે માલ-સામાન મોકલે હોય જેના રૂા. ૨૧.૯૧ લાખ ઉપરાંત પરત ન આપી વિશ્વાસઘાત કરતા ગુનો દાખલ થયો છે.જામનગર શહેરના દિ.પ્લોટ-૫૮માં પાણીના ટાંકા પાસે રહેતા અને બ્રાસનું કારખાનું ધરાવતા ભાવિન રમેશભાઈ મંગે નામના વેપારીને વર્ષ ૨૦૦૬-૦૭થી ખરીદ વેચાણ અંગે હરીયાણા ખાતે આવેલા દુર્ગા એન્જિયરીંગ વર્કસના મંજુબેન વિવેક પાંડે સાથે વ્યવહાર ચાલતો હતો, દરમિયાન વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ દરમિયાન કટકે-કટકે તેમણે રૂા. ૨૧,૯૧,૧૮૦નો માલ આપ્યો હતો, જેના પૈસા ઉઘરાણી કરવા છતાં પણ ન આપતા છેતરાયેલા વેપારીએ હરીયાણા ફરીદાબાદના વેપારી મંજુબેન વિવેકભાઈ પાંડે સામે ગુનો દાખલ કરાવ્યો છે. જે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# કોટડા સાંગાણીના કાંગશિયાળી ગામમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી પોલીસ

■ ૯ શખ્સોની ધરપકડ રૂ.૨,૦૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોટડાસાંગાણી તાલુકાના શાપર (વે.) પોલીસ સ્ટેશન વિસ્તારના કાંગશીયાળી ગામે દોઢ માસ પુર્વે થયેલ ઘરફોડ ચોરી નો વણશોધાયેલ ગુન્હો શોધી કાઢતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ રાજકોટ ગ્રામ્યએ ઉકલ્યો હતો. ટેકનિકલ સોર્સીસથી માહીતી મળેલ કે, આ ગુન્હાના સાગર કેકડીયાભાઈ મેડા રહે,મુ.પાડલવાની શંકાસ્પદ હાજરી બનાવ સ્થળે જણાઈ હતી. પુછપરછ કરતા સાગર કેકડીયાભાઈ મેડા, અનસીંગ મનજીભાઈ કામલીયા તથા કલા વાખલા રહે.કુશલપુરા તા. રાણાપુર તથા દિપુ મનુ વસુનીયા રહે.છાપરીગામ તા.રાણાપુર તથા પારૂ મોહનસીંગ નીનામાં રહે.ભુત ફળીયા તા.રાણપુર તથા સુનીલ ડ્રાઈવર, રવી રહે.મુ.પરવટ તા.જાંબુવા તથા માંજુ ટીડુભાઈ તથા માંજુનો મિત્ર જીગર દીલીપભાઈ અવારી તહે ૨ રોજ રાત્રીના સમયે કાંગશીયાળી ગામે મકાનમાંથી રોકડા રૂપિયા તથા સને ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હોય અને ઈસમની સાથે ચોરીમાં રહેલ અન્ય આરોપીઓ માંજુ ટીડુભાઈ બારૈયા રહે.હાલ ઢોલરા તથા જીગર દીલીપભાઈ મારવાડી રહે.શાપર(વે.) ગોદાવરી ગેઈટ પાસેથી આ ઘરફોડ ચોરીમા પોતાના ભાગે આવેલ રોકડ રૂ.૧,૭૨,૫૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૩ કિ.રૂ.૩૦,૦૦૦/- સહિત કુલ રૂ. ૨,૦૨,૫૦૦/- સાથે મળી આવતા ત્રણેય ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે.

# ગીર સોમનાથ જીલ્લામાં કોળીસેના કાર્યકર મંડળનું વિશેષ આયોજન કરવામાં આવ્યુ



**મુખ્યસમાચાર -: અબ્દુલ પઠાણ ઉના**

ઊના આજે કોળીસેના ના સ્થાપક માન.મંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકી ના માર્ગદર્શન હેઠળ, ગીર સોમનાથ જીલ્લા કોળીસેના કાર્યકારી મંડળનું વિશેષ આયોજન કરવામાં આવ્યું, જેમાં સુત્રાપાડા, તાલાલા, કોડીનાર, વેરાવળ, ઉના શહેર, અને ઉના તાલુકાના કોળીસેના ના હોદ્દેદારો સાથે અસરકારક ચર્ચા અને પરામર્શ કરી.આ બેઠકમાં ગુજરાત કોળીસેના ના પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ સોલંકી તેમજ ગીર સોમનાથ - જુનાગઢ જિલ્લા કોળીસેના પ્રમુખ શ્રીમતી દીપાબેન બાંભણીયા ની ઉપસ્થિતિમાં સમગ્ર જીલ્લા તથા તાલુકા ના હોદેદારો સાથે શુભેચ્છા મુલાકાત કરી કોળી સમાજના પ્રગતિશીલ વિકાસ માટેના વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું અને સંસ્થાના ભવિષ્યનાં લક્ષ્યો માટે સંપૂર્ણ સહકાર અને દિશા નિર્ધારણ કરવામાં આવ્યો.

# આટકોટના ખારચિયા ગામ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતઃ એકને ઈજા



આટકોટ ગોડલ હાઈવે ખારચીયા ખોડીયાર મંદીર પાસે પર બાઈક અને કાર વચ્ચે અકસ્માત થયો હતો જેમાં બાઈકચાલકને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ઘટના સ્થળે સેવા ભાવી લોકો દોડી ગયા હતાં ગામના લોકોએ જણાવ્યું હતું કે આ બમ્પ પર રેડિયમના પટ્ટા ન હોવાથી અવારનવાર અકસ્માત સર્જાતા રહે છે. થોડા દિવસ પહેલા આઈસર અને ફોરવીલ વચ્ચે અકસ્માત થયો હતો ત્યારે આગળ જતા વાહન અચાનક જ બ્રેક મારતા પાછળથી આવતા વાહન અડફેટ લેતા હોય છે જેના કારણે આ બંને બમ્પર રેડિયમના પડા મારવાની ખાસ જરૂર છે ટુવીલ ચાલક ખારચીયા ગામના હોવ નું જાણવા મળ્યું છે લોકોએ જણાવ્યું હતું કે ફોરવીલ ચાલકે બાઈક ચાલકને અડફેટે લીધા હતા. અવારનવાર અ બમ્પ પાસે અકસ્માતનાં બનાવો બન્યા છે છતાંય તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી હાઈવે રોડ પર બમ્પ પર પટ્ટા મારવામાં આવે તો વાહન ચાલકોને ખ્યાલ આવે કે આગળ બમ્પ હોય જેથી વાહન ધીમો ચલાવે અને ગોળાઈ ના કારણે વાહન સ્પીડમાં આવતું હોય જેથી વહેલી તકે આ હાઈવે પર જેટલા બમ્પ છે ત્યાં રેડીયમનાં પટ્ટી મારવા આવે જેથી અજાણ્યા વાહન ચાલકોને ખ્યાલ આવે અને અકસ્માત ન બને ઘટના સ્થળે આટકોટ પોલીસ દોડી ગઈ હતી.

# રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભા ફક્ત દસ મિનિટમાં પૂરી : ૮૨૭ લાખના વિકાસ કામો મંજૂર કરી ગાંધીનગર સૈદ્ધાંતિક મંજૂરી માટે મોકલાયા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભા પ્રમુખ પ્રવિણાબેન રંગાણી ની અધ્યક્ષતામાં મળી હતી જે સામાન્ય સભા ફક્ત દસ મિનિટમાં આટોપી લેવાઈ હતી આજની સામાન્ય સભા માં ઇન્ચાર્જ ડીડીઓ વસ્તાણી ઉપસ્થિત રહ્યા હતા સામાન્ય સભાની શરૂઆતમાં જિલ્લા પંચાયતના કર્મચારી બ્રિજેશ દેસાઈ નું મૃત્યુ થતાં તેને શ્રદ્ધાંજલિ આપી સ્વભંડોળ માંથી તેમના પરિવારને રૂપિયા ૫૦,૦૦૦ ની સહાય કરવાની દરખાસ્ત મંજુર કરાઈ હતી જોકે ઉલ્લેખની બાબત હતી કે દેશના પૂર્વ વડાપ્રધાન ડોક્ટર મનમોહનસિંહને શ્રદ્ધાંજલિ આપવાનું વિસરાઈ ગયું હતું

૧૫મું નાણાપંચ જિલ્લા કક્ષા આયોજન(૧૦%) વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટાઈડ ગ્રાન્ટ કુલ રકમ રુપિયા ૪૯૬ લાખ, અનટાઈડ ગ્રાન્ટ કુલ રકમ રુપિયા ૩૩૦ લાખ, એમ કુલ રકમ રુપિયા ૮૨૭ લાખ ના વિકાસ કામો મંજુર કરી વિકાસ કમિશ્નર કચેરી ગાંધીનગર ખાતે સૈધાન્તિક મંજુરી મેળવવા મોકલવા અર્થે દરખાસ્ત આજની ખાસ સામાન્ય સભામાં મુકવામા આવી હતી.

# રાજકોટ રેલવે પોલીસનો હેડ કોન્સ્ટેબલ લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

■ અમદાવાદ થી બે દિવસ પૂર્વે જ રાજકોટ રેલવે જીઆરપી માં બદલી થઈને હેડ કોન્સ્ટેબલ આવ્યો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રેલવે પોલીસના જીઆરપી ના હેડ કોન્સ્ટેબલ ને લાંચ લેતા એસીબીની ટીમે રંગે હાથ ઝડપી લેતા પોલીસ બેડામાં ખડભલાટ મચી જવા પામ્યો છે. આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ અમદાવાદથી બે દિવસ પૂર્વે જ રાજકોટ રેલવે જીઆરપી માં બદલી થઈને આવેલા હેડ કોન્સ્ટેબલ વેલાભાઈ ભરવાડ એ લાંચની માંગણી કરી હોય પરંતુ જાગૃત નાગરિક દ્વારા લાંચ આપવા માગતા ન હોય જેથી તેઓએ એસીબીમાં ફરિયાદ કરી હતી જેના પગલે એસીબી ની ટીમ દ્વારા ટ્રેપ ગોઠવવામાં આવી હતી તે દરમિયાન આજે સવારે રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં એટ કોન્સ્ટેબલ વેલાભાઈ ભરવાડ ને એસીબીની ટીમે લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો વધુમાં જાણવા મળ્યું હતું કે આ હેડ કોન્સ્ટેબલ વેલાભાઈ ભરવાડ અમદાવાદથી બે દિવસ પૂર્વે જ રાજકોટ રેલવે જીઆરડી માં બદલી થઈને આવ્યા હતા અને લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ જતા પોલીસ બેડામાં ખડભરાટ મચી જવા પામ્યો છે.

# પશ્ચિમ રેલવે ઓફિસર મીટ T20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં રાજકોટ રેલવે ડિવિઝન ની જીત

ગઈકાલે રાજકોટના રેલવે ગ્રાઉન્ડ ખાતે પશ્ચિમ રેલવે ઓફિસર મીંટ ૨૦૨૫ મયોજન કરાયું હતું જેમાં રાજકોટની ટીમે રતલામ રેલ્વે ડિવિઝન ની ટીમને ૪૬ રનથી હરાવી હતી રાજકોટ રેલવે ડિવિઝન પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૧૭૬ રન બનાવ્યા હતા જ્યારે જવાબમાં રતલામ ડિવિઝન ની ટીમ ફક્ત આઠ વિકેટે ૧૩૦ રન બનાવી શકી હતી રાજકોટ રેલવે ડિવિઝન તરફથી અભિષેક સિંગે ૫૩ રન સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મિનાએ ૩૮ તેમજ કેપ્ટન આર સી મીનાએ ૪૨ રન બનાવ્યા હતા વધુમાં બોલિંગમાં પણ રાજકોટ રેલવે ડિઝાઇન નોંધપાત્ર દેખાવ કર્યો હતો અભિષેક સિંગે પાંચ વિકેટ સુનિલ કુમાર મિનાએ બે વિકેટ લીધી હતી રાજકોટ રેલવે સ્ટેશન વિજેતા બન્યું હતું

# દબાણ હટાવ શાખાએ ૧૭ દિવસમાં ૧૯૫૮ બોર્ડ-બેનરો જપ્ત કર્યા

રાજકોટ મનપા દબાણ હટાવ શાખાએ તા.૧ થી તા.૧૭-૧-૨૫ દરમિયાન માર્ગમાં મંજૂરી વિનાના ૧૯૫૮ બોર્ડ-બેનરો, ૫૮ રેકડી-કેબીન, ૪૧૧ પરચુરણ સરસામાન, ૪૦૩૯ કિલોગ્રામ શાકભાજી-ફળ,રૂ્મ.૩.૬૮.૧૫૦નો મંડપ-કમાણ-છાજલી અને રૂ્મ..૨૭૭.૭૨૫ વહીવટી ચાર્જ વસુલ કર્યો હતો.ઉપરાંત જાહેર રોડ પર પશુઓને નાખવામાં આવતુ લીલુ ઘાસ જપ્ત કરી જરૂરી કાર્યવાહી કરી છે.કોઠારીયા સોલવન્ટ, કોઠારીયા મેઈન રોડ,સાંઈબાબા સર્કલ, જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ, મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી પાસેથી રસ્તા પર નડતર રૂપ ૫૮ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી. પારેવડી ચોક,પાંજરાપોળ હોકર્સ ઝોન,પેડક રોડ,કુવાડવા રોડ,આનંદબંગલા ચોક ,અર્ટીકા,રવિરત્ન પાર્ક ,જામનગર રોડ,કોર્ટ ચોક, ગાયાત્રીનગર,હોસ્પિટલ ચોકડી, રૈયાધાર, જ્યોતિનગર,નાણાવટી ચોક ,પંચાયત ચોક, ગોવિંદબાગ,નાના મૌવા મેઈન રોડ પરથી જુદીજુદી અન્ય ૪૧૧ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ. કોઠારીયા રોડ,પારેવડી ચોક,સંતકબીર રોડ,જંક્શન રોડ,જ્યુબેલી,પંચાયત ચોક,રામાપીર ચોકડી,પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૪૦૩૯ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.

# રાજકોટમાં વર્ષની શરૂઆત થતા જ શ્વાન કરડવાના કેસોમાં ચિંતાજનક વધારો

## ૧૫ દિવસમાં ૧૦૦૦ થી વધુ લોકોને કરડ્યા: લોકો ભયના ઓથાર હેઠળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૫ ની શરૂઆત થતા જ શ્વાન કરડવાના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાંથી શ્વાનોના ત્રાસની ફરિયાદો ઉઠી રહી છે. કાયદાકીય જોગવાઈઓ મુજબ, શ્વાનને પકડીને ઓપરેશન કર્યા બાદ તેને મૂળ જગ્યાએ છોડી દેવામાં આવે છે, જેના કારણે આ સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી. ઠંડીની ઋતુમાં શ્વાન કરડવાના કિસ્સામાં વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪ માં જ્યાં ૧૨,૦૦૦ કેસ નોંધાયા હતા, ત્યાં ચાલુ વર્ષે જાન્યુઆરી મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં જ ૧,૦૦૦ થી વધુ લોકોને શેરીઓમાં રખડતા શ્વાનોએ બચકા ભર્યા હોવાનું સામે આવ્યું છે. મનપાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઠંડી અને બ્રિડિંગની સીઝનના કારણે શ્વાન વધુ આક્રમક બન્યા છે.

રાજકોટ મનપા તંત્ર દ્વારા શ્વાનની વસ્તીને નિયંત્રણમાં રાખવા માટે વ્યંધિકરણના ઓપરેશન અને રખડતા શ્વાનોને હડકવા વિરોધી રસીકરણ પાછળ દર વર્ષે મોટો ખર્ચ કરવામાં આવે છે. તેમ છતાં, શ્વાન કરડવાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. આ માટે શ્વાનોની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે કે પછી તેઓ વધુ હિંસક બની રહ્યા છે, તે એક તપાસનો વિષય છે. ચાલુ વર્ષે જાન્યુઆરીની શરૂઆતમાં એટલે કે તા. ૧ થી ૧૫ સુધીમાં શહેરમાં ૧૦૦૬ લોકોને શ્વાન કરડ્યાના કેસ નોંધાયા છે. આ આંકડો ફક્ત એવા લોકોનો છે જેમણે કૂતરું કરડ્યા બાદ મનપા આરોગ્ય કેન્દ્રોમાં ઈન્જેક્શન અને સારવાર લીધી છે. જો અન્ય હોસ્પિટલોમાં સારવાર લેનારા લોકોનો આંકડો સામે આવે તો આ કેસની સંખ્યા ઘણી વધારે હોવાની શક્યતા છે.

છેલ્લા ૧૫ દિવસમાં રાજકોટ મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં દરરોજના સરેરાશ ૭૦ થી વધુ શ્વાન કરડવાના કેસો નોંધાયા છે અને કુલ ૧૦૦૬ જેટલા કેસો સામે આવ્યા છે. હાલમાં તમામ આરોગ્ય કેન્દ્રોમાં શ્વાન કરડ્યા બાદ આપવામાં આવતા ઈન્જેક્શનનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. ખાનગી હોસ્પિટલોમાં આ ઈન્જેક્શનના ૩૦૦૦ થી ૩૫૦૦ રૂપિયા વસૂલ કરવામાં આવે છે, જ્યારે મનપા આરોગ્ય કેન્દ્રોમાં આ



ઈન્જેક્શન તદ્દન મફત આપવામાં આવે છે. જેના કારણે સિવિલ હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓની ભીડ વધુ રહે છે.

રાજકોટના રેસકોર્સ, પૂજારા પ્લોટ, ૮૦ ફૂટ રોડ, નિર્મલા રોડ, હનુમાનમઢી ચોક, મવડી, કુવાડવા રોડ, મોટામૌવા, જંગલેશ્વર, રામનાથપરા સહિતના અનેક વિસ્તારોમાં શ્વાનનો ત્રાસ સતત રહે છે. જેના કારણે પરિવારોમાં બાળકો અને વડીલોની ચિંતા વધી રહી છે. આવા વિસ્તારોમાં શ્વાનપ્રેમીઓ દ્વારા દૂધથી માંડીને બિસ્કીટના વિતરણના કાયમી સ્થળો દૂર કરવામાં આવે તો શ્વાનોના અડ્ડા બંધ થઈ શકે છે. અન્યથા, લોકોના ઘર અને વિસ્તાર પાસે આવો શ્વાનપ્રેમ અન્ય લોકો માટે જોખમી સાબિત થઈ શકે છે.

# વેરો ન ભરનાર ૧૬ આસામીઓની મિલકત સીલ, ૧૫ને અપાઈ જપ્તીની નોટિસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મનપાના વેરાવિભાગ દ્વારા ૮૦ કરોડની ઉઘરાણી માટે આજે ત્રણેય ઝોનમાં રિકવરીઝુંબેશ હાથ ધરી વધુ ૧૬ મિલ્કત સીલ કરી ૧૪ને જપ્તીની નોટીસ ફટકારી એક રહેણાંકનું નળ કનેક્શન કાપ્યું હતું. તેમજ સ્થળ ઉપર રૂા. ૪૧.૧૧ લાખની વસુલાત કરી હતી.

મહાનગરપાલિકાના વેરાવિભાગ દ્વારા આજે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ નદેવીકૃપા કોમર્શિયલ કોમ્પ્લેક્ષથગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૮ ને સીલ મારેલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ નદેવીકૃપા કોમર્શિયલ કોમ્પ્લેક્ષથગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૬ ને સીલ મારેલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ નઘ સ્પાઈરથસેવન્થ ફ્લોર-૭૦૯ ના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૫,૧૧૧૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ નઘ સ્પાઈરથફિફ્થ ફ્લોરમાં ૫૧૧ ને સીલ મારેલ, ચૌધરી હાઈસ્કૂલ પાસે આવેલ નઉમેશ કોમર્શિયલ.કોમ્પ્લેક્ષથ શોપ નં-૪ ને સીલ મારેલ, જામનગર રોડ પર આવેલ ૧-યુનિટને સીલ મારેલ, ભીચરીના નાકા પાસે આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫.૯૯ લાખનો ચેક આપેલ, જકશન પ્લોટમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૫,૦૦૦ કરી હતી.

વેરાવિભાગ દ્વારા આજે જકશન પ્લોટમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૭૧,૧૪૦, નવાગામ રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૧.૪૫ લાખ, પેદક રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૧.૪૦ લાખનો ચેક આપેલ, સોનીબજારમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૭૭,૭૩૭ ચેક આપેલ, મારૂતિ ઈન્ડ.એરીયામાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી



કરતાં રીકવરી રૂ.૫૪,૫૨૩ ચેક આપેલ, મવડી ઈન્ડ.એરીયામાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૯૩,૦૦૦ચેક આપેલ હતો. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# કાર પાર્કિંગનું હવે ૮૦ રૂા. ભાડું : નવી ૩૫ સાઈટ જાહેર

## મહાપાલિકાએ સરકારની નવી પાર્કિંગ પોલિસી અંતર્ગત શહેરમાં નવી પે-એન્ડ પાર્કિંગ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિક વ્યવસ્થાના ઉપાયના ભાગરૂપે મહાનગરપાલિકાના મુખ્યમાર્ગો ઉપર આવેલા ખાલી પ્લોટ તેમજ ઓવરબ્રીજની નીચે વાહન પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવા માટે સર્વે શરૂ કરવામાં આવ્યો છે. સરકારની નવી પાર્કિંગ પોલીસી મુજબ વધુ ૩૫ સ્થળે પે એન્ડ પાર્ક માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. જેનું ભાડુ ૧ કાર પાર્કિંગ કરવા માટે ૨૪ કલાકનું ૮૦ રૂપિયા રાખવામાં આવ્યું છે. તેવી જ રીતે અલગ અલગ વાહનો માટે પણ પાર્કિંગના ભાડામાં વધારો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.



મહાનગરપાલિકા દ્વારા શહેરની અલગ અલગ ૩૫ સાઈટો પર પે એન્ડ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે. અગાઉ રાજ્ય સરકારની નવી પાર્કિંગ પોલીસી મુજબ ૩૩ સ્થળોએ પે એન્ડ પાર્કિંગ માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ તેમાં પણ નવા ભાવ જાહેર કરવામાં આવે અને હવે વધુ ૩૫ સાઈટો માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેમાં રામદેવપીર ચોક બ્રીજની નીચે, જામનગર રોડ સાઈડ તેમજ ગોંડલ રોડ સાઈડ અને નાણાવટી ચોકમાં પાર્કિંગ વ્યવસ્થા તેમજ કેકેવી ચોકમાં બીગબઝાર સાઈડ બ્રીજ નીચે એક તેમજ નાના મૌવા ચોક બીગબજાર વેસ્ટ સાઈડ એક અને બાલાજી હોલ વેસ્ટ સાઈડ એક સહિત ત્રણ સ્થળે પાર્કિંગ વ્યવસ્થા તથા રૈયા સર્કલ બ્રિજની નીચે ઈન્દિરા સર્કલ સાઈડ અને નાણાવટી ચોક સાઈડ બે સ્થળે પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

સત્યસાંઈ મેઈન રોડ ઉપર આત્મીય કોલેજ ગેઈટ પાસે મલ્ટીલેવલ બ્રીજના નીચે તેમજ ક્રિષ્ના મેડીકલ સાઈડ અને ડોમીનોઠ પીઝા સાઈડ સહિત અંડરબ્રીજ નીચે ચાર સ્થળે પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાશે જ્યારે જડુસ બ્રીજ નીચે મોટામૌવા સાઈડ પાર્કિંગ વ્યવસ્થા તેમજ નાનામૌવા ચોક ખાતે મવડી સાઈડ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાશે. મવડી ચોકડી બ્રીજ નીચે ચાર સ્થળે પાર્કિંગ વ્યવસ્થા તેમજ હોસ્પિટલ ચોકથી જામનગર રોડ તરફના બ્રીજ નીચે અને કેશરીહિંદ પૂલ સાઈડના બ્રીજ નીચે તેમજ ગ્રાન્ડ ઠાકર સાઈડના બ્રીજ નીચે એમ ત્રણ સ્થળે પે એન્ડ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાશે તેવી જ રીતે મવડી બ્રીજ લિજ્જત પાપડ સાઈડ તેમજ મવડી મેઈન રોડ સાઈડ તેમ બન્ને સ્થળે પાર્કિંગ વ્યવસ્થા તેમજ મોચી બજારમાં કોર્ટ અને પેટ્રોલ પંપની વચ્ચે તેમજ જ્યુબેલી વેજીટેબલ માર્કેટ તથા લાખાજીરાજ રોડ તતા ધનરજની બિલ્ડીંગથી જિલ્લાપંચાયત ચોક બાજુ અને ઓપન પ્લોટ વોર્ડ નં. ૧૮ માં પરસાણા સોસાયટી, અટલબીહારી વાજપાઈ ઓડિટોરિયમ, નાનામૌવા સર્કલ, બીગ બજાર ઈસ્ટ સાઈડ, સહિતના ૩૫ સ્થળોએ પે એન્ડ પાર્કિંગ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# તાપમાનમાં સામાન્ય કરતા ૧ થી ૬ ડિગ્રીનો વધારો, પવનની દિશા બદલાતા ઠંડી ઘટી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં મકરસંક્રાતિ આસપાસ કડકડતી ઠંડી પડ્યા બાદ પવનની દિશા બદલાતા રાજ્યમાં ઠંડીમાં રાહત મળી છે. મોટાભાગના સેન્ટરો પર લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતા ૧ થી ૬ ડિગ્રીનો વધારો થતા ઠંડીમાં રાહત મળી છે. નલિયા, રાજકોટ, અમરેલી, ડીસામાં જ્યાં સિંગલ ડિજિટમાં તાપમાનનો પારો જતો હતો ત્યાં પણ આજે લઘુત્તમ તાપમાનમાં ડબલ ડિજિટમાં જોવા મળ્યું હતું.



ગુજરાત રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતા ૧ થી ૬ ડિગ્રીનો વધારો થયો છે.તેનું મુખ્ય કારણ છે કે અત્યાર સુધીમાં જે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો આવી રહ્યા હતા તેને બદલે પવનની દિશા બદલાઈને ઉત્તર પૂર્વ તથા પૂર્વ દિશા તરફથી થઈ છે. જેને કારણે તાપમાનમાં આંશિક વધારો થતા ઠંડીથી રાહત મળી છે. બીજી તરફ ગુજરાત નજીકથી એક વેસ્ટન ડિસ્ટર્બન્સ પસાર થયું હોવાથી ઠંડીનું જોર ઘટ્યું હતું. હજુ પણ આગામી ૨૪ થી ૩૬ કલાક તાપમાનમાં મોટા ફેરફારની શક્યતાઓ નહિવત છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ કરતા વધુ નોંધાયું હતું એટલે કે ઠંડી માંથી રાહત મળી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. તથા અમદાવાદમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં દોઢ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થઈને ૧૭.૫ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. વડોદરામાં ૧૯.૨ ડિગ્રી સેલ્સિયસ સુરતમાં ૧૮.૮ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટમાં ૧૫.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# ડો. શમશેરસિંહ બન્યા BSFનાં એડીશનલ ડીજી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લાંબા સમયથી ગુજરાતના ૧૯૯૧ બેચના સિનિયર આઈપીએસ શમશેરસિંઘ દિલ્હી જશે કે પછી તેમનો ઓર્ડર કેન્સલ થશે ? તેવો અનિદ્રતિતાનો આખરે અંત આવ્યો છે. કેન્દ્રમાં તેમનું એપેનલડ મેંટ વિધિ બાકી હોવાથી વિલંબ થયો છે, હવે બોર્ડર સિક્યોરિટી ફોર્સ જેવી જવાબદારી સુપ્રત થયેલ છે.

દિલ્હીના સૂત્રોના જણાવ્યા મુજબ બાંગ્લાદેશ સાથેના ભારતના સંબંધોમાં ફેરફાર પછીની પરિસિ્થત ઘૂસણખોરી વધવી, પદ્ગમિ બંગાળની સરહદો ની વિશેષ કાળજી રાખવાની જવાબદારી તેમને સુપરત થનાર છે. આ સંદર્ભે તેમની રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડાભોલ સાથે પણ બે ત્રણ બેઠક થયેલ ચરમ. હાલ તુરત એડી ડીજી લેવલે બીએસએફમાં જેમને ફરજ સુપરત થયેલ છે તેવા આ ગુજરાત કેડરના આઈપીએસ મૂળ હરિયાણાનાં જીદ જિલ્લાના



સામાન્ય પરિવારના વતની એવા આઈપીએસ નાના હતા ત્યારે રેડિયોના યુગમાં એક વાર્તાલાપ સાંભળ્યો અને આઈપીએસ બનવા પ્રેરાયા હતા.

તેમના સાસરિયાં પરિવાર ખૂબ ધનાઢ્ય અને રાજકીય રીતે ખૂબ આગળ છે. શમશેર સિંઘજીએ ભૂતકાળમાં દિલ્હીના એક સમયના દિલ્હીના મુખ્યમંત્રી સાહેબસિહ વર્માનાં અંગત સચિવ તરીકે કામ કરેલ હોવાથી તેઓ કેન્દ્રની વિવિધ એજન્સીઓનાં કાર્યથી સુપરિચિત સાથે બીએસએફનાં અધિકારીઓ સાથે સંકલન ધરાવે છે.

# રાજકોટ ઈલેકટ્રોનીકસ ટ્રેડ એસો.ના હોદેદારોની વરણી

## પ્રમુખ તરીકે રસિકભાઇ પોકળ અને સેક્રેટરી તરીકે મનોજભાઇ પરમારને જવાબદારી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ઈલેકટ્રોનીકસ ટ્રેડ એસો.ના નવા વર્ષ ૨૦૨૫ની કારોબારી તેમજ હોદેદારો માટેની ચુંટણી પ્રક્રિયા માટેની જનરલ મીટીંગ તા. ૧૨ બેડી ચોકડી પાસે રાઘવ ફેમીલી રેસ્ટોરન્ટ ખાતે મળેલ હતી.

જેમાં પ્રમુખ રસિકભાઈ પોકળ, મંત્રી મનોજભાઈ પરમાર, ખજાનચી મુકેશભાઈ લુણાગરીયા, ઉપપ્રમુખ ગોરધનભાઈ ટાંક, સહમંત્રી ભરતભાઈ મહેતા, કારોબારી કમીટી મનસુખભાઈ મોજીદ્રા, મનીષભાઈ રાબડીયા, હરેશભાઈ રૈયાણી, જયેશભાઈ ભટ્ટ, દિપકભાઈ ચોટલીયા, યોગેશભાઈ ચૈધરી, કો.ઓપ.



મેમ્બર અરવિંદભાસ પેઢડીયા, કેશુભાઈ કમાણી, ધર્મેશભાઈ અજાણી, સલાહક સમીતી તરીકે જી.જે. જેબલીયા, રમેશભાઈ રૈયાણી, અને રવજીભાઈ રામોલીયાની વરણી કરવામાં આવી હતી. રાજકોટ ઈલેકટ્રોનીકસ ટ્રેડ એસો.ની સ્થાપના ૧૯૬૮ માં થયેલ આજે સંસ્થાના ૪૬ વર્ષ પુર્ણ થયેલ છે. દર વર્ષે નવા નવા ડીજીટલ યુગને લગતા પ્રોગ્રામ તથા સેમીનાર યોજાય છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જમીન સોદામાં તે વચ્ચે રહી રૂપિયા ખાધા છે તેમ કહી મહિલા સહિત ત્રણ પર હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પડધરીના રાદળ ગામે જમીન સોદામાં તે વચ્ચે રહી રૂપિયા ખાધા છે તેમ કહેતા મહિલા સહિત ત્રણ પર હુમલો કરાયો હતો. પડધરી પોલીસે પાંચ આરોપી સામે નિર્લજ્જ હુમલા સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

મૂળ રાદળ અને હાલ વડવાજડી ગામે રહેતા મહિલા ફરિયાદીએ પડધરી પોલીસ મથકે બી.એન.એસ. કલમ ૭૪, ૩૫૧(૪), ૩૫૨, ૩૩૩, ૧૧૫(૨) ૫૪ મુજબ ફરિયાદ દાખલ કરાવતા આરોપી તરીકે રાદળ ગામના (૧) બાબભા ધીરૂભા જાડેજા (૨) સહદેવસિંહ લખુભા જાડેજા (૩) વિજયસિંહ બાબભા જાડેજા (૪) પ્રતિકસિંહ સહદેવસિંહ જાડેજા (૫) યુવરાજસિંહ ટેમભા જાડેજાના નામ લખાવ્યા છે. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે, સાહેદ ગંભીરસિંહ ભરતસિંહ જાડેજાએ રાદળ ગામે પોતાની જમીન વેચી હતી.

જે જમીનના સોદામાં આરોપી સહદેવસિંહ લખુભા મધ્યસ્થિ રહ્યા હતા. દરમિયાન તા.૧૯/૧/૨૦૨૫ ના બપોરે પોણા ત્રણેક વાગ્યે ફરિયાદી, સાહેદો અને આરોપીઓ બધા રાદડ ગામે હતા ત્યારે ગંભીરસિંહે સહદેવસિંહને પુછેલ કે, જમીનના સોદામાં વચ્ચેથી રૂપીયા તમોએ ખાધા છે. જે વાતચીતમાંઆરોપીઓને સારૂ ન લાગતા આરોપી બાબભાએ સાહેદ કનકસિંહને લાફા મારી દીધા હતા. દરમિયાન અન્ય આરોપીઓએ સાહેદ ગંભીરસિંહને ઢીકાપાટુનો મૂંઢ માર મારેલ હતો.

મહિલા ફરીયાદી વચ્ચે તેને છોડાવવા જતા આરોપીઓએ મહિલા ફરીયાદીનો હાથ પકડી તેમને પણ ઢીકાપાટુનો માર મારી અપશબ્દો કહ્યા હતા. ફરીયાદી તથા સાહેદ પોતાના ઘરમાં જતા રહેતા આરોપીઓ તેઓના ઘરના ડેલામાં પાટામારી ડેલો ટપી મહિલા ફરીયાદીના ઘરમાં ઘુસી ગયા હતા અને ફરીવાર સાહેદને ઢીકાપાટુનો મુઢ માર માર્યો હતો. આક્ષેપ છે કે, આરોપી સહદેવસિંહે ગંભીરસિંહને ફોનમાં મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે પડધરી પોલીસે આરોપીઓ સામે ફરિયાદ નોંધી ધરપકડની તજવીજ કરી છે.

સૂત્રોએ જણાવ્યું કે, ગંભીરસિંહ



ભરતસિંહ જાડેજાને મૂંઢ ઇજા થઈ હોવાથી તે પડધરીની સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલ. મારામારીનો બનાવ હોવાથી ડોકટરે એમએલસી જાહેર કરી પોલીસને જાણ કરી હતી. પોલીસ જયારે ગંભીરસિંહનું નિવેદન નોંધવા આવી ત્યારે જાણ થઈ કે તેણે કોઈ કેફી પીણુ પીધેલ છે. જેથી ગંભીરસિંહ સામે પીધેલાની ફરિયાદ નોંધી હતી.

# બે બાઈક ધડાકાભેર અથડાતા પોરબંદરના પોલીસ પુત્રનું મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોરબંદરમાં રહેતો યુવક તેના શેઠ સાથે બાઈકમાં પાછળ બેસીને જતો હોય ત્યારે વનાણા બાયપાસ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૨૧ વર્ષિય યસ ચૌહાણએ સારવારમાં દમ તોડી દિધો હતો. મૃતક યુવકના પિતા પોરબંદરમાં પોલીસ કર્મી છે. બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા શોકનું મોજુ ફરી વળ્યુ છે.

પોરબંદરમાં લક્ષ્મીનગર ગરબી ચોક પાસે રહેતાં યશભાઈ વિષ્ણુભાઈ ચૌહાણ (ઉ.વ.૨૧) નામનો યુવક ગત ૧૮/૧ એ સાંજનાં તેના શેઠ રમેશભાઈ સાથે બાઈકમાં જતો હતો ત્યારે વનાણા બાયપાસ નવોદય સ્કુલ પાસે પહોંચતા અન્ય બાઈક સાથે અકસ્માત થતાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.




બાદ યુવકને તાકિદે નજીકની હોસ્પિટલમાં ખસેડાયો હતો. બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ હતી. બનાવ અંગે મૃતકના પરિવારજને જણાવ્યું હતું કે મૃત્યુ પામનાર યસ કેટરિંગનું કામ કરતો હતો. ગત શનિવારે યુવક તેના શેઠ સાથે બાઈકમાં પાછળ બેસી જતો હતો ત્યારે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. તે બે ભાઈમાં નાનો હતો. તેના પિતા નવી બંદરમાં પોલીસકર્મી છે. બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવ અંગે પોલીસે અકસ્માત સર્જનાર સામે કાર્યવાહિ હાથ ધરી છે.

# નવમાં ધોરણથી સાથે અભ્યાસ કરતા શખ્સે કોલેજીયન યુવતી પર દુષ્કર્મ આચાર્યુ

## લગ્નની લાલચ આપી દેહ પિંખ્યો, છેલ્લે તરછોડી દેતાં યુવતીએ ફીનાઈલ પી લીધુઃ એ ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



શહેરમાં દુષ્કર્મની વધુ એક ઘટના પોલીસ ચોપડે ચડી છે. જેમાં બીએચએમએસ સુધીનો અભ્યાસ કરનાર યુવતી સાથે અગાઉ અભ્યાસ કરતા શખ્સે મિત્રતા કેળવી બાદમાં પ્રેમસંબંધ બાંધી લગ્નની લાલચ આપી અવારનવાર હવસનો શિકાર બનાવી છેલ્લે તરછોડી દેતા તેણીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ બનાવની જાણવા મળેલી વિગતો મયજબ શહેરમાં રહેતી ૨૩ વર્ષની યુવતી સાથે મિત્રતા કેળવી લગ્ન કરવાની લાલચ આપી રાહુલ રાજુભાઈ ઉર્ફે જગદીશભાઈ પરમાર નામના શખ્સે અવારનવાર દુષ આચર્યા બાદ તમાચા ઝીંકી લગ્ન નહીં કર્યાની એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ભોગ બનનાર યુવતીએ પોલીસને જણાવ્યું કે તેણે બીએચએમએસ સુધીનો અભ્યાસ કર્યો છે. તે ૨૦૧૪માં ધો. ૯માં અભ્યાસ કરતી હતી ત્યારે સાથે અભ્યાસ કરતાં રાહુલ સાથે મિત્રતા થઈ હતી. બંને અવારનવાર ફોનમાં વાતચીત પણ કરતા હતા. ત્યારબાદ તેણે બીએચએમએસનો અભ્યાસ શરૂ કર્યો હતો. ત્યારે આરોપી સ્નેપચેટમાં મેસેજ કરતો હતો. પ્રેમ સંબંધ બંધાતા અનેક વખત મુલાકાત પણ કરી હતી. એક દિવસ આરોપીએ તેને લગ્ન માટે પ્રપોઝ કરતા તેણે સહમતી આપી હતી. ત્યારબાદ આરોપીએ પોતાના બર્થ ડે પર તેને માલવિયા ચોક ખાતે હોટલ નોવા ક્રોસમાં બર્થ ડે પાર્ટી રાખી છે, બધા મિત્રો આવવાના છે કહી તેને પણ પાર્ટીમાં આવવાનું કહેતાં તે ત્યાં ગઈ હતી. હોટલે પહોંચતાં ત્યાં રાહુલ સિંવાય અન્ય કોઇ ન હોવાથી પૂછતા તેણે તને સરપ્રાઈઝ આપવા મેં કહ્યું હતું. તેમ જણાવી આધારકાર્ડ માંગતા તેને ના પાડી હતી. આથી આરોપીએ આપણા પ્રેમ સંબંધની કોઈને જાણ ન થાય એટલે રૂમમાં બર્થ ડે પાર્ટી મનાવીએ કહેતા તેને આધાર કાર્ડ આપી બંને રૂમમાં ગયા હતા. જ્યાં આરોપીએતેના પર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ અવારનવાર રાહુલ તેને હોટલે બોલાવી લગ્ન કરશે તેમ કહી હવસનો શિકાર બનાવતો હતો. નવરાત્રિ આસપાસ તેણે લગ્નનું કહેતા રાહુલે તે ઘરે લગ્ન બાબતે વાત કરી તેને જણાવશે તેમ કહ્યું હતું. પરંતુ અવારનવાર રાહુલને લગ્ન બાબતે કહેતા તે કોઈ પ્રત્યુતર આપતો ન હતો. છેલ્લે ગઈ તા. ૨૫ના રાહુલે તેને નાનામવા નજીક ગાર્ડને લગ્નની વાત કરવા બોલાવી હતી. જ્યાં બોલાચાલી થતાં રાહુલે તેને તમાચા ઝીંકી ત્યાંથી જતો રહ્યો હતો. ત્યારબાદ પણ રાહુલે તેને ફોન કરી મનાવી ફરી હોટલમાં લઈ જઈ શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ તા. ૮નાં રાહુલે તેને મારા ઘરે કોઈ નહીં માને તારે જે કરવું હોય તે કરી લે તેવો વોટ્સએપ મેસેજ કરી ફોન બંધ કરી સંબંધ તોડી નાખતા લાગી આવતા તેણે ફિનાઈલ પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પીઆઈ આર.જી. બારોટની રાહબરીમાં તપાસ શરૂ થઈ છે.

# વેપારી સાથે રૂ.૧.૯૦ કરોડની ઠગાઈના ગુનામાં ફરાર સુત્રધાર-સાગરીત પોલીસના સકંજામા

## ઘંટેશ્વર પાસે પાંચ એકર જમીનનું બોગસ સાટાખટ બનાવી આપ્યુ હતુંઃ અગાઉ ઝડપાયેલા બે સાગરીતોને જેલમાં ધકેલી દેવાયા છે, હવે ૨ સામે વધુ કાર્યવાહી થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રૈયા રોડ પરના હનુમાનમઢી પાસે તીરૂપતીનગરમાં રહેતા અને મુરલીધર ફરસાણ નામે ધંધો કરતા વેપારીએ મનીષ કચરાભાઈ દેત્રોજા, રવિ વાઘેલા, પડધરીના સરપદડ ગામના શૈલેષ સહીતના શખસ વિરૂધ્ધ જમીનનો સોદો કરી રૂ.૧.૯૦ કરોડની ઠગાઈ કર્યાની ફરીયાદ નોધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો

વેપારી ભુપતભાઈ ઠુમ્મર સાથે સંપર્કમાં આવેલા મનીષ દેત્રોજા નામનો શખસ દુકાને આવ્યોહતો. અને ઘંટેશ્વર પાસે પાંચ એકર જમીન હોવાનીવાત કરીહતી.અને બાદમાં એક એકરના રૂ.૬ કરોડમાં સોદો નકકી ક્યોહતો.છ એકરના ૩૦ કરોડ આપવાની વાત કરીહતી. અને આ રકમ દોઢ વર્ષમાં પુરી કરવાની વાતચીત કરવામા આવીહતી.બાદમાં મનીષ દેત્રોજા સહીતના શખસોએ વેપારી ભુપતભાઈ પાસેથી ૧.૯૦ કરોડની રકમ લઈ જમીનનુ બોગસ સાટાખત બનાવી આપ્યું હતું.અને બાદમાં વેપારી ભુપતભાઈ તેના મીત્ર મયુર રાદડીયાની ઓફિસે ગયા હતા.ત્યારે વાતચીત દરમિયાન આ જમીનનો સોદો કર્યાના બહાને ઠગાઈ કરવામાં આવી હોવાની જાણ થઈહતી.અને ભુપતભાઈ ઠુમ્મરે મનીષ દેત્રોજા સહીતના શખસોને વાત કરતા ખોટીજમીન વેચી દીધાની વાત કરી એક માસમાં નાણા પરત આપી દેવાની વાત કરી હતી. અને બાદમાં નાણા પરત નહી કરતા ઠગાઈ કરવામાં આવી હોવાનુ જણાતા ફરીયાદ નોધાવી હતી



દરમિયાન પોલીસે સરપદડના શૈલેષ તથા અન્ય એક શખસને ઝડપી લઈ જેલમાં ધકેલી દીધા હતા.દરમિયાન આ પ્રકરણમાં પોલીસે ફરાર મુળ મોરબીના રવાપર રોડ પર સેટેલાઈટ ટાવર ફ્લેટમાં રહેતા અને હાલમાં સાધુવાસવાણી રોડ પર પાટીદાર ચોકમાં એપલ એર્પાટમેન્ટમાં રહેતા જમીન મકાનના ધધાર્થી મનીષ અરજણ દેત્રોજા અને મોરબીના નવલખી રોડ પર પરમારનગરમાં રહેતા રવિકુમાર જેરાજ વાઘેલાને ઝડપી લઈ રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી હતી.

# હુમલાખોરોને ઝડપી સરઘસ કાઢવાની માંગ સાથે એ ડિવીઝન પોલીસ મથકે વ્યંઢળોએ અર્ધનગ્ન થઈ ધમાલ મચાવી

## જયુબિલી ચોકના બગીચામાં લુખ્ખા તત્વો અને કિન્નરોને માથાકુટ થઈ હતીઃ જાહેરમાં ધોકા-છરી કાઢી આતંક મચાવનાર ત્રણ લુખ્ખા ઝબ્બેઃ એક ફરાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ પોલીસની ઢીલી પકડને લીધે ગુનેગારો બેફામ બન્યા હોય તેમ જાહેરમાં હથિયારો કાઢી મારામારી કરતા જરાપણ અચકાતા નથી છેલ્લા થોડા દિવસોમાં શહેર પોલીસ માટે એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિનું નિર્માણ થયું હોય તેમ જાહેરમાં બખેડો, જેવી અનેક ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ છે

શહેરના જયુબેલી ચોકમાં આવેલા બગીચામાં વ્યંઢળો બેઠા હતા ત્યારે શખસ સામુ જોતો હોવાથી શું સામે જોવે છે તેમ પુછતા તેણે ગાળો આપી હતી જેથી બધા વ્યંઢળો ભેગા થઈ જતા શખસ નાશી ગયો હતો થોડીવાર બાદ અન્ય ત્રણ શખસોને લઈ આવ્યો લોખંડના પાઈપ અને છરી વડે મીરાદે પર હુમલો કર્યો હતો જેમાં નીલમ દે, અદીતી



દે, મીરા દે, કોમલ દે, હેતલ દે, જયા દે સહિતનાને હુમલામાં સામાન્ય ઈજા પહોંચી હતી.

જે મામલે વ્યંઢળોનું ટોળું એકત્રિત થઈ એ ડિવીઝન પોલીસ સ્ટેશન પર લુખ્ખા તત્વોને તાકિદે દબોચી સરઘસ કાઢવાની માંગ સાથે રજૂઆત કરવા ગયા હતા અને નગ્ન થઈ પોલીસ મથક માથે લેતા પોલીસ ૧૨થી વધુ વ્યંઢળોની અટકાયત કરી હતી અને હુમલામાં ઘવાયેલ નીકીતાદે મીરાદેની ફરિયાદ પરથી ચારેય લુખ્ખા શખસોને ઝડપી ગણતરીની કલાકોમાં ઝડપી લીધા હતા.

# શહેરમાં વિદેશી દારૂના ચાર દરોડામાં ૬૭૩ બોટલ સાથે ચાર ઝડપાયા

## વિદેશી દારૂ અને કાર મળી ૬,૨૨,૫૩૫નો મૂદ્દામાલ જપ્ત; બે શખ્સ ફરાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસે જૂદા-જૂદા ચાર સ્થળે દરોડા પાડી ૬૭૩ બોટલ દારૂ અને કાર મળી ચાર શખ્સોને ઝડપી લીધા હતા. જ્યારે નાસી છૂટેલા બે શખ્સોની શોધખોળ હાથ ધરી છે. આ અંગે વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસે બેડી ચોકડી પાસેથી હિરેન સુમનભાઈ પટેલ નામના શખ્સને વિદેશી દારૂ ભરેલી કાર સાથે ઝડપી લીધો હતો. પોલીસે કારમાંથી રૂા.૯૬,૬૦૦ની કિંમતની ૫૫૨ બોટલ દારૂ કબ્જે કર્યો હતો. પોલીસે દારૂ અને કાર મળી રૂા.૫,૯૬,૬૦૦નો મૂદ્દામાદ જપ્ત કર્યો હતો. બીજા દરોડામાં યુનિવર્સિટી પોલીસે કેવલમ આવાસ યોજનાના ક્વાર્ટરમાંથી શાહરૂખ અનવરભાઈ સમાને રૂા.૮,૮૬૭ની કિંમતની ૧૪ બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો. ત્રીજા દરોડામાં ભક્તિનગર પોલીસે અટીકા મેઈન રોડ આહીરચોક પાસે ખોડીયાર સ્ટીલ ફર્નિચર નામના કારખાનામાં દરોડો પાડી કારખાનેદાર નિતીન પરસોત્તમભાઈ ખાચરીયાને ઝડપી લીધો હતો. જયારે કોટડા સાંગાણીના સાંગણવા ગામના કલ્પેશ ગોહેલનું નામ ખુલતા શોધખોળ હાથ ધરી છે.

ચોથા દરોડામાં નવા થોરાળા મેઈન રોડ પર આવેલા બાપાસિતારામ નગરમાં રહેતા વિજય વિનુભાઈ ગોહેલ નામના શખ્સને થોરાળા પોલીસે ૯૬ બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો. ઉપરોક્ત ચારેડ દરોડામાં ઝડપાયેલા શખ્સો વિરુદ્ધ પોલીસે તપાસ હાથ ધરી છે.

# શ્યામ કિરણ સોસાયટીમાં યુવતીએ લગ્નનીના પાડતાં ધરાર પ્રેમીએ એસિડ પી કર્યો આપઘાતનો પ્રયાસ

## પેડક રોડ ઉપર જયપ્રકાશનગરના યુવાને જવલનશીલ પ્રવાહી ગટગટાવ્યું

શહેરમા માંડાડુંગર વિસ્તારમા આવેલી શ્યામ કિરણ સોસાયટીમા રહેતા યુવકે ગમતી યુવતી સાથે લગ્ન કરવા હતા પરંતુ યુવતીએ લગ્નનો ઈન્કાર કરતા ધરાર પ્રેમીએ એસીડ પી લીધુ હતુ. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવાર માટે ખસેડવામા આવ્યો હતો. આ અંગે વિગત મુજબ આજીડેમ ચોકડી નજીક માંડાડુંગર વિસ્તારમાં આવેલી શ્યામકિરણ સોસાયટીમા રહેતા મીહીર મનોજભાઈ વાળા નામનો ૨૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રીના સાડા દશેક વાગ્યાના અરસામા એસીડ પી લીધુ હતુ. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યો હતો. પ્રાથમીક પુછપરછમા મીહીર વાળા ૩ ભાઈમા વચેટ છે અને તેને ગમતી યુવતી સાથે લગ્ન કરવા હતા પરંતુ યુવતીએ લગ્ન કરવાની ના પાડતા ધરાર પ્રેમીએ એસીડ પી લીધુ હોવાનું જાણવા મળ્યુ છે. આ ઉપરાંત બીજા બનાવમા જયપ્રકાશ નગરમાં રહેતા અસ્લમ શીરાજભાઈ કનીરી નામનો ૩૦ વર્ષનો યુવાન બપોરના સમયે પેડક રોડ પર બાલક હનુમાન મંદિર નજીક હતો ત્યારે કોઈ અગમ્પ કારણસર જવલનશીલ પ્રવાહી પી લીધુ હતુ. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયો હતો. ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસને અરજી કર્યાનો ખાર રાખી વેપારીને જાનથી મારી નાખવાની મળી ધમકી

## દુકાને જઈ બિભત્સ ગાળો ભાંડી ધમકાવનાર બે મહિલા સહિત ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

રાજકોટમાં રૈયા રોડ ઉપર આવેલ હનુમાન મઢી પાસે હીરામનનગરમાં પોલીસમાં કરેલી અરજીનો ખાર રાખી કરિયાણાના વૃદ્ધ વેપારીને મહિલા સહિત ત્રણ શખ્સોએ દુકાને ઘસી જઈ બિભત્સ ગાળો ભાંડી વેપારી અને તેના પરિવારને મારી નાંખવાની ધમકી આપ્યાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. આ અંગે મળતી વિગત મૂજબ રાજકોટમાં રૈયા રોડ ઉપર આવેલ હનુમાન મઢી પાસે હીરામનનગરમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા મહિપતસિંહ કલ્યાણસિંહ વાળા નામના ૭૬ વર્ષના વૃદ્ધે ગાંધીગ્રામ પોલીસ મથકમાં પાડોશી નઝમાબેન અબ્દુલભાઈ, મોમીનબેન ઓસમાણભાઈ અને અબ્દુલભાઈ ઓસમાણભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ મહિપતસિંહ વાળાએ પાડોશમાં રહેતા મીહિર અને અબ્દુલભાઈ વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં અરજી આપી હતી. જે અરજીનો ખાર રાખી બે મહિલા સહિત ત્રણ શખ્સોએ દુકાને ઘસી જઈ વેપારીને બિભત્સ ગાળો ભાંડી વેપારી અને તેના પરિવારને મારી નાંખવાની ધમકી આપ્યાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના પોલીસ હેડ કોન્સેબલ કે.પી. સાગર સહિતના સ્ટાફે નોંધ કરી ફરિયાદના આધારે તપાસનો દૌર લંબાવ્યો છે.

# રાજકોટમાં નવ નિર્મિત બિલ્ડીંગમા તસ્કરોએ પગલા પાડ્યા : ૪૧ બંડલ ઈલેકટ્રીક વાયરની ચોરી

- ૧,૭૭,૫૪૧ના મૂદ્દામાલની તસ્કરી કરનાર શખ્સો સામે ફરિયાદના આધારે શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં તસ્કરો બેફામ બન્યા હોય તેમ અવાર નવાર છાશવારે પોલીસ ચોપડે ચોરીની ફરિયાદ નોંધાઈ રહી છે. ત્યારે વધુ એક ઘટનામાં રાજકોટમાં નાના મવા રોડ ઉપર નવનિર્મીત બિલ્ડીંગમાં તસ્કરોએ ત્રાટકી રૂ.૧,૭૭,૫૪૧ની કિંમતના ૪૧ ઈલેક્ટ્રીક વાયરોના બંડલની ચોરી થયાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે વિગત મુજબ નાના મવા રોડ ઉપર નવનિર્મીત બિલ્ડીંગમાં અજાણ્યા તસ્કરોએ ત્રાટકી નવનિર્મીત



બિલ્ડીંગનાં સ્ટોરેજ રૂમનાં તાળા તોડી રૂમમાં રાખેલ અલગ અલગ સાઈઝના કોપરના ઈલેકટ્રીક વાયરના રૂ.૧,૭૭,૫૪૧ની કિંમતના ૪૧ બંડલોની ચોરી થયાની કન્સટ્રકશનના ધંધાથી પ્રદિપભાઈ નારણભાઈ ભગત (રહે.કાલાવડ રોડ ક્રિસ્ટલ મોલ રાણી ટાવરની પાછળ સૌરભ રેસીડન્સી બ્લોક નં.૨૬ આરકે નગરની બાજુમાં રાજકોટ)એ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે તાલુકા પોલીસ મથકના પીએસઆઈકે.એચ. કારેણા સહિતના સ્ટાફે તસ્કરોનું પગેરૂ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દેવપરામાં જોખમી સ્ટંટ કરતા નવ લવરમૂછિયા સામે કાર્યવાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સોશ્યલ મીડિયા પર પ્રસિધ્ધ થવા માટે આજના યુવાનો જોખમી રીલ્સ બનાવતા હોય છે તેમજ બાઇક પર જોખમી સ્ટંટ કરતા પણ અચકાતા નથી ત્યારે થોડા દિવસો પહેલા જ પડધરી પોલીસ દ્વારા બે ડઝન જેટલા લોકોને હાઈવે પર સ્ટંટ કરતા ઝડપી પાડ્યા હતા અને તમામને કાયદાનુ ભાન કરાવી બાઈક કબજે લીધા હતા. ત્યારે રાજકોટ શહેરમા આવેલા દેવપરા વિસ્તારનો થોડા દિવસ પહેલા એક ૧૦ લોકોના ટોળા દ્વારા બાઈક પર સ્ટંટ કરતો વીડીયો વાયરલ થયો હતો આ ઘટનામા ભક્તિનગર પોલીસના સ્ટાફે તમામ ૯ શખ્સો સામે કાર્યવાહી કરી છે. આ ઘટનામા ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ. એમ. સરવૈયા અને સ્ટાફના કરણભાઈ કોઠીવાલ, અરવિંદભાઈ ફતેપરા, દિલીપભાઈ બોરીચા, રાજદીપસિંહ જાડેજા,



પ્રભાતભાઈ મેયડ, હિતુભા ઝાલા અને પ્રકાશભાઈ મકવાણા સહીતના સ્ટાફને એક વીડીયો મળ્યો હતો જેમા દેવપરા રોડ પર જાહેરમા મકરસંક્રાતીના દિવસે ૯ જેટલા શખ્સો બાઇક પર જોખમી સ્ટંટ કરતા નજરે પડયા હતા.

આ ઘટના બાદ પોલીસે તપાસ કરતા તમામના સીસીટીવી ફુટેજના આધારે ઓળખ મળી હતી જેમા આરોપીઓમા સહકારનગર મેઈન રોડ પર ઘનશ્યામ નગર શેરી નં ૮ ના ખુણે રહેતા સાગર જગદીશ મેવાસીયા, રાધાકૃષ્ણનગરમા રહેતા ઈમત્યાજ ફીરોજ અજમેરી, એક બાળ કીશોર, રાધાકૃષ્ણ નગર શેરી નં ૧૭ મા રહેતો મનીષ હર્ષદભાઈ ડાંગર, રાધાકૃષ્ણ નગર શેરી નં ૧૭ વિવેક હર્ષદ ડાંગર, યોગેશ પરબતાણી, ભાર્ગવગીરી ભરતગીરી ગૌસ્વામી, હિમાલય ભરત ગૌસ્વામી અને વસીમ ફીરોજભાઈ શાહમદાર સામે માણસોની જીંદગી જોખમાય તે રીતે સ્ટંટ કરતા પોલીસે તમામની સામે ગુનો નોંધી તમામની ધરપકડ કરી હતી.

# પીરવાડી પાસે પ્રોઢાએ ગળાફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડયો

## જીયાણા ગામે કુવામાંથી નવજાત શિશુ મૃત હાલતમાં મળ્યાની ઘટનામાં નિષ્ઠુર જનેતા વિરૂદ્ધ નોંધાતો ગુનો



રાજકોટમાં રિદ્ધિ સિદ્ધિના નાલાથી આગળ પીરવાડી પાસે આવેલ શ્યામ સુંદર પાર્કમાં રહેતા પ્રોઢાએ કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગ વિગત મુજબ રાજકોટમાં રિદ્ધિ સિદ્ધિના નાલાથી આગળ પીરવાડી પાસે આવેલ શ્યામ સુંદર પાર્કમાં રહેતા વસંતબેન મયુરભાઈ બાલાસરા નામના ૪૪ વર્ષના પ્રોઢા પોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના અંગે જાણ કરાતા ૧૦૮ ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ૧૦૮ ના ઈએમટીએ જોઈ તપાસી પ્રોઢાને મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે આજીડેમ પોલીસને જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતક પ્રોઢાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો આ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી બીજા બનાવમાં ત્રણ દિવસ પૂર્વે રાજકોટની ભાગોળે આવેલા જીયાણા ગામની સીમમાં શૈલેષભાઈ ખોડાભાઈ લીંબાસીયાની વાડીમાં આવેલા કુવામાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો કુવામાંથી નવજાત બાળકીનો મૃતદે મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અને આ ઘટના અંગે એરપોર્ટ પોલીસે નવજાત બાળકીના જન્મને છુપાવવા માટે વાડીના ખેતરમાં આવેલા પાણી ભરેલા કુવામાં ફેંકી દેનાર નિહૂર જ નેતા વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.